મહેસાણા, અમદાવાદ, ગાંધીનગર, સુરત, પાટણ, બનાસકાંઠા, સાબરકાંઠા, અરવલ્લીમાં બહોળો ફેલાવો ધરાવતું એકમાત્ર નિષ્પક્ષ અખબાર

સત્ય એના પૂર્ણ સ્વરૂપમાં...

# ગરવી તાકાત

GARVI TAKAT DAILY દૈનિક

૧૭-૦૨-૨૦૨૬
મંગળવાર

વર્ષ : ૧૧ ★ અંક નં : ૩૦૨
પેજ : ૪ ★ વિક્રમ સંવત : ૨૦૮૨

તંત્રી : પ્રકાશ આર.ચૌધરી

ગરવી તાકાત
હવે આંગળીના ટેરવે
તમારા ગામ કે શહેરના સમાચાર વાંચો વેબ પોર્ટલ ઉપર આંગળીના ટેરવે
Garvitakat.com
લિંક પર કલીક કરો અને તમારા ગામના કે શહેરના લેટેસ્ટ સમાચાર તથા ઈ-પેપર તમારા મોબાઈલમાં વાંચો

કાર્યાલય : ૯,અંબિકા કોમ્પ્લેક્ષ, ટી.બી. રોડ, ભમરિયાનાળા પાસે, મહેસાણા-૨ ● ફોન : ૦૨૭૬૨ ૨૪૨૨૦૧ ● મો : ૯૨૨૭૧ ૧૩૫૫૫ ● કિંમત રૂા.૩-૦૦ ● Email : garvitakat1511@gmail.com ● www : garvitakat.com • • RNI No. GUJGUJ/2015/61367

### રાજ્ય સરકારની મહત્વની જાહેરાત : ઈન્ડિયા પોસ્ટ પેમેન્ટ્સ બેંક મારફતે DBTથી સહાય, પોસ્ટમેન આપશે ઘરબેઠા રોકડ

## ‘ગંગા સ્વરૂપા આર્થિક સહાય’ હવે સીધી બેંક ખાતામાં જમા થશે

(ગરવી તાકાત) મહેસાણા તા.૧૬

વિધવા મહિલાઓ માટે રાજ્ય સરકાર દ્વારા અમલમાં મુકાયેલી ‘ગંગા સ્વરૂપા આર્થિક સહાય યોજના’ના લાભાર્થીઓ માટે ખુશખબર છે.

હવે આ યોજનાની સહાય રકમ સીધી લાભાર્થીના ઈન્ડિયા પોસ્ટ પેમેન્ટ્સ બેંક (IPPB) ખાતામાં જમા થશે. આધાર આધારિત ડી.બી.ટી. (DBT) પદ્ધતિથી રકમ ટ્રાન્સફર થશે અને લાભાર્થી મહિલાઓ પોસ્ટમેન મારફતે ઘરબેઠા રોકડ પણ ઉપાડી શકશે.

રાજ્ય સરકાર દ્વારા વિધવા મહિલાઓને આર્થિક સહારો મળે તે હેતુથી આ યોજના અમલમાં છે. નવી વ્યવસ્થાથી મહિલાઓને બેંક કે પોસ્ટ ઓફિસના ધક્કા ખાવાની જરૂર રહેશે નહીં, જેનાથી ગ્રામ્ય અને શહેરી વિસ્તારોની હજારો મહિલાઓને સીધો લાભ મળશે.

આ અંગે માહિતી આપતાં પોસ્ટ માસ્ટર જનરલ કૃષ્ણ કુમાર યાદવએ જણાવ્યું કે ગુજરાતમાં હાલ આશરે ૧.૪૭ લાખથી વધુ લાભાર્થીઓ પોસ્ટ ઓફિસના ખાતા મારફતે આર્થિક સહાય મેળવી રહ્યા છે. લાભાર્થીઓને




આધુનિક બેક્કિંગ સુવિધા સાથે જોડવા માટે ગાંધીનગર, અમદાવાદ, મહેસાણા, પાટણ, સાબરકાંઠા, અરવલ્લી અને બનાસકાંઠા જિલ્લામાં ૧૪ થી ૨૦ ફેબ્રુઆરી દરમિયાન વિશેષ અભિયાન ચલાવી IPPB ખાતાં ખોલવામાં આવશે.

પોસ્ટ વિભાગ દ્વારા જણાવાયું છે કે IPPB ખાતું શૂન્ય બેલેન્સથી ખોલી શકાશે. વિનંતી પર પોસ્ટમેન અથવા ગ્રામીણ ડાક સેવક લાભાર્થીના ઘરે આવીને ખાતું ખોલી આપશે તેમજ રકમ પણ ચૂકવશે.

જેમના પાસે પહેલેથી IPPB



ખાતું છે, તેમણે માત્ર આધાર સીડિંગ કરાવવાનું રહેશે. આ ખાતું હાલના પોસ્ટ ઓફિસ બચત ખાતા સાથે લિંક કરી શકાશે, જેથી બન્ને ખાતાના લાભ એક સાથે મળી રહેશે.

ખાતું ખોલાવવા માટે આધાર કાર્ડ, આધાર સાથે લિંક થયેલ મોબાઈલ નંબર અને જૂના બચત ખાતાની પાસબુક ફરજિયાત રહેશે.

ઉલ્લેખનીય છે કે માત્ર ગાંધીનગર જિલ્લામાં જ અંદાજે ૧૮,૧૫૫ લાભાર્થીઓ આ સેવાનો લાભ લઈ રહ્યા છે.

ખાતું ખોલવામાં કોઈ મુશ્કેલી પડે તો લાભાર્થીઓ નજીકની પોસ્ટ ઓફિસમાં સંપર્ક કરી શકે છે અથવા હેલ્પલાઈન નં. ૯૨૧૮૩૦૨૧૪૩, ૯૯૭૮૬૭૫૭૫૩, ૯૨૧૮૩૦૨૧૩૨ પર સંપર્ક કરી શકે છે.

### ધોકા અને ઝપાઝપીમાં મકાન માલિક ઘાયલ, એ-ડિવિઝન પોલીસે ગુનો નોંધ્યો

## શોભાસણ રોડ પર નજીવી બાબતે વિવાદ ઉગ્ર બન્યો : એક્ટિવા પડી જવાના મુદ્દે બે પક્ષ વચ્ચે મારામારી, કાકા-ભત્રીજીને ઈજા

(ગરવી તાકાત) મહેસાણા તા.૧૬

મહેસાણા શહેરના શોભાસણ રોડ પર આવેલી શાલીમાર સોસાયટીમાં રવિવારે બપોરના સમયે એક્ટિવા નીચે પડી જવા જેવી સામાન્ય બાબતે બે પક્ષો વચ્ચે ઉગ્ર બોલાચાલી બાદ મારામારીની ઘટના સામે આવી છે. આ બનાવમાં મકાન માલિક અને તેમની ૧૨ વર્ષીય ભત્રીજીને ઈજાઓ પહોંચતા બંનેને સારવાર અર્થે સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા.

શાલીમાર સોસાયટી વિભાગ-૨માં રહેતા અમજદખાન હુસૈનખાન પઠાણે આ મામલે એ-ડિવિઝન પોલીસ મથકે ફરિયાદ નોંધાવી છે.



ફરિયાદ મુજબ, તેમણે પોતાના મકાનનો નીચેનો ભાગ અમજદખાન આલમખાન બલોચને ગીરો આપ્યો છે. રવિવારે બપોરે બલોચના ઘરે પાટણથી આવેલા પરવેઝખાન શેખનું એક્ટિવા નીચે પડી જતાં તે ઉશ્કેરાયો હતો અને ફરિયાદીના નાના ભાઈનું નામ લઈ ગાળાગાળી કરવા લાગ્યો હતો.

ફરિયાદી ઉપરના માળેથી ટોકતા જણાવતાં કે ભાઈ મજૂરી કામે ગયો છે, ત્યારે પરવેઝખાન હાથમાં ધોકો લઈને ઉપર દોડી આવ્યો હતો અને ફરિયાદી પર હુમલો કર્યો હતો. આ હુમલામાં ફરિયાદીને જમણા હાથના અંગૂઠા તથા કમરના ભાગે ગંભીર ઈજાઓ પહોંચી હતી. આ દરમિયાન નીચે રહેતો અમજદખાન બલોચ પણ પરવેઝખાનનું ઉપરાણું લઈ ઉપર આવ્યો હતો અને બંનેએ મળીને ફરિયાદી સાથે ઝપાઝપી કરી ગડદાપાટુનો માર માર્યો હતો, જેમાં ફરિયાદી સિડી પરથી નીચે પટકાયા હતા.

પિતા સમાન કાકાને બચાવવા વચ્ચે પડેલી ૧૨ વર્ષીય કિશોરી કસીસબાનુને પણ ઝપાઝપી દરમિયાન હાથના ભાગે ઈજા થઈ હતી. સોસાયટીના લોકો એકત્ર થતાં બંને હુમલાખોરો ત્યાંથી ફરાર થઈ ગયા હતા. ઈજાગ્રસ્ત કાકા-ભત્રીજીને તાત્કાલિક મહેસાણા સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. પોલીસે પરવેઝખાન શેખ અને અમજદખાન બલોચ વિરુદ્ધ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

### વિજેતા તથા રનર્સ-અપ ટીમોને ટ્રોફી અને પ્રમાણપત્રો અર્પણ કરવામાં આવ્યા

## સરદાર પટેલ ક્રિકેટ સ્ટેડિયમ, મહેસાણા ખાતે ITI સ્ટાફ ક્રિકેટ ટુર્નામેન્ટનો સમાપન સમારોહ યોજાયો

(ગરવી તાકાત) મહેસાણા તા.૧૬

તાલીમ અને રોજગાર ખાતું, ગાંધીનગર દ્વારા પ્રેરિત તેમજ ઔદ્યોગિક તાલીમ સંસ્થા (ITI) મહેસાણા અને સ્ટેટ લેવલ કમિટીના સહયોગથી સરદાર પટેલ ક્રિકેટ સ્ટેડિયમ, મહેસાણા ખાતે એકમોના રીપ્રેઝન્ટેટિવ, મદદનીશ નિયામક એ.સી. પલાસ, મહેસાણા આઈ.ટી.આઈ.ના પ્રિન્સિપાલ શ્રી એમ.એમ.અન્સારી તથા રાજકોટ આર.ડી.ડી. શ્રી કણજરીયાની ઉપસ્થિતિમાં સરકારી કર્મચારીઓ અને અધિકારીઓ માટે આયોજિત ITI સ્ટાફ ક્રિકેટ ટુર્નામેન્ટનો સમાપન સમારોહ યોજાયો હતો.

આ તકે મહાનુભાવોએ ખેલાડીઓમાં ઉત્સાહ વધારવા રમતગમત જીવનમાં શિસ્ત, ટીમ સ્પિરિટ અને સ્વાસ્થ્ય માટે કેટલાં મહત્વપૂર્ણ છે તે બાબતે માર્ગદર્શન આપ્યું હતું.



ટુર્નામેન્ટ દરમિયાન વિવિધ વિભાગોના કર્મચારીઓ અને અધિકારીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લઈ રમતગમત પ્રત્યેની લાગણી અને એકતા દર્શાવી હતી. સમગ્ર સ્પર્ધા સૌહાર્દપૂર્ણ વાતાવરણમાં સફળતાપૂર્વક પૂર્ણ થઈ હતી.

સમારોહના અંતમાં વિજેતા તથા રનર્સ-અપ ટીમોને ટ્રોફી અને પ્રમાણપત્રો અર્પણ કરવામાં આવ્યા હતા તેમજ શ્રેષ્ઠ પ્રદર્શન કરનાર ખેલાડીઓને વિશેષ સન્માન આપવામાં આવ્યું હતું. કુલ ૨૭ ટીમોમાંથી ઓફિસરની ૪ ટીમમાંથી આચાર્ય ઈલેવન રાજકોટ ઓફિસરની ટીમ ચેમ્પિયન બની હતી , મહિલાની કુલ ૭ ટીમમાંથી એસ કે બલ્લેબાજ ટીમ ચેમ્પિયન બની હતી અને ૧૬ પુરુષ ટીમમાંથી રાઈજિંગ લિજેન્ડ રાજકોટ ની ટીમ ચેમ્પિયન બની હતી , આ ટુર્નામેન્ટ માં ભાગ લીધેલ દરેક પ્લેયર ઉપરાંત વ્યવસ્થા કમિટીના દરેક સભ્યને સ્પોર્ટસ કમિટી દ્વારા પ્રમાણપત્રો આપવામાં આવ્યા હતા.

### વિસનગરમાં ચોકલેટથી બનાવેલ શિવલિંગ બન્યું આકર્ષણનું કેન્દ્ર

(ગરવી તાકાત) મહેસાણા તા.૧૭

વિસનગરમાં મહાશિવરાત્રી પર્વ નિમિત્તે પ્રજાપિતા બ્રહ્માકુમારી ઈશ્વરીય વિશ્વ વિદ્યાલય દ્વારા અનોખી અને આકર્ષક રીતે ઉજવણી કરવામાં આવી હતી. શિવપિતાના ૯૦મા દિવ્ય અવતરણ મહોત્સવના ભાગરૂપે ગોલ્ડન કોઈન ચોકલેટમાંથી તૈયાર કરાયેલ શિવલિંગ દર્શનાર્થીઓ માટે ખાસ આકર્ષણનું કેન્દ્ર બન્યું હતું.

આ મહોત્સવનો પ્રારંભ રવિવારે સવારે ૯:૦૦ કલાકે શહેરના ગોવિંદચકલા વિસ્તારમાં આવેલા સમાજ સંકુલ ખાતે થયો હતો. અહીં ચોકલેટ શિવલિંગ સાથે ભારતભરના ૧૨ પવિત્ર જ્યોતિર્લિંગના એકસાથે દર્શનની પણ સુંદર વ્યવસ્થા કરવામાં આવી હતી.

આ અનોખા દિવ્ય દર્શન માટે વહેલી સવારથી જ મોટી સંખ્યામાં નગરજનો ઉમટી પડ્યા હતા. મહોત્સવ દરમિયાન ભક્તો માટે શિવલિંગ પર જળાભિષેકની વ્યવસ્થા રાખવામાં આવી હતી

### જાહેર નોટીસ

**આથી સર્વે શંખેશ્વર તાલુકાના નાગરીકો તેમજ સંબંધિત હિત ધરાવતા અન્ય તમામ નાગરીકોને જણાવવાનું કે સૂચિત ધી શંખેશ્વર તાલુકા કૃષિ પેદાશ અને ગ્રામોધોગ ખરીદ વેચાણ સહકારી સંઘ લી. શંખેશ્વરના નામે મંડળીની રચના અર્થે દરખાસ્ત મદદનીશ જિલ્લા રજીસ્ટ્રાર શ્રી જિલ્લા પંચાયત પાટણ ખાતે કરેલ છે. જે અન્વયે આ સંબંધે હિત ધરાવનારા તમામને જણાવવાનું કે આ બાબતે કોઈએ પણ વાંધો વિવાદ સૂચન કે અડચણ હોય તો મદદનીશ જિલ્લા રજીસ્ટ્રાર શ્રી સહકારી મંડળીઓ જિલ્લા પંચાયત પાટણ સમક્ષ લેખિત કે મૌખિક આધાર પુરાવા સહિત રજૂઆત કરવા જણાવવામાં આવે છે દિન સાતની સમય મર્યાદા પૂર્ણ મળેલ રજૂઆતોની વિગતોને આધારે નિયમો અનુસારની આગળની કાર્યવાહી હાથ પર લેવામાં આવશે જે સર્વેને જાણ સારૂં**

**સ્થળ : શંખેશ્વર/પાટણ**
**તારીખ : ૧૬/૦૨/૨૦૨૬**

### બહુચરાજીમાં ભંગાર ગોડાઉનની ચોરીનો વિવાદ હિંસક બન્યો

## લાકડી અને કાતર વડે હુમલો, એક યુવકના માથામાં ૮ ટાંકા; બહુચરાજી પોલીસ મથકમાં ફરિયાદ નોંધાઈ

(ગરવી તાકાત) મહેસાણા તા.૧૬

બહુચરાજીમાં ભંગારના ગોડાઉનમાં થતી ચોરી બાબતે પૂછપરછ કરવા ગયેલા બે ભાઈ પર એક જ પરિવારના ત્રણ સભ્યોએ જીવલેણ હુમલો કર્યો હોવાની ગંભીર ઘટના સામે આવી છે. આ હુમલામાં એક યુવકને માથાના ભાગે ગંભીર ઈજાઓ પહોંચી છે, જ્યારે અન્ય ભાઈને કાતર વડે ઈજા કરવામાં આવી છે. પોલીસે આ મામલે ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

બહુચરાજીના બેચરગામ વિસ્તારમાં રહેતા અને ભંગારનો વ્યવસાય કરતા દિનેશ મંગાભાઈ દેવીપૂજકનું હાસલપુર રોડ પર ગોડાઉન આવેલું છે. છેલ્લા કેટલાક સમયથી ગોડાઉનમાંથી ચીજવસ્તુઓ ચોરાતી હોવાથી દિનેશે મુકેશ કરશનભાઈ દેવીપૂજક પર શંકા વ્યક્ત કરી હતી. આ બાબતે સ્પષ્ટતા કરવા માટે દિનેશ અને તેમનો ભાઈ મનુ સવારે ૧૧ વાગ્યાના અરસામાં



મેળાના મેદાન પાસે મુકેશને મળવા ગયા હતા.

ચોરી બાબતે પૂછપરછ કરતા જ મુકેશ ઉશ્કેરાઈ ગયો હતો અને ગાળાગાળી શરૂ કરી હતી. વિવાદ ઉગ્ર બનતા મુકેશે લાકડી વડે દિનેશના માથામાં ફટકો માર્યો હતો, જેથી તેઓ લોહીલુહાણ હાલતમાં નીચે પડી ગયા હતા.

આ દરમિયાન વચ્ચે છોડાવવા પડેલા ભાઈ મનુ પર મુકેશના પિતા કરશનભાઈએ કાપડ કાપવાની કાતર વડે હુમલો કરી ડાબા હાથમાં ઈજા પહોંચાડી હતી. મુકેશની માતાએ પણ ઝઘડામાં જોડાઈ બંને ભાઈને ગડદાપાટુનો માર માર્યો હતો.

આસપાસના લોકો એકત્ર થતાં હુમલાખોરોએ “ફરી ચોરીનો આરોપ લગાવશો તો જાનથી મારી નાખીશું” તેવી ધમકી આપી ફરાર થઈ ગયા હતા. ઈજાગ્રસ્ત દિનેશને તાત્કાલિક બહુચરાજી સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા, જ્યાં તેમના માથામાં ૮ ટાંકા આવ્યા છે. ભોગ બનનાર દિનેશે મુકેશ, કરશનભાઈ અને તેની માતા વિરુદ્ધ બહુચરાજી પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા પોલીસે વધુ તપાસ શરૂ કરી છે.

### પાંચ શખ્સોએ ભેગા મળી હુમલો કરી જાનથી મારી નાખવાની ધમકી આપી, વિસનગર તાલુકા પોલીસે ગુનો દાખલ કર્યો

## ખેતરમાં પાણી વાળવાની તકરાર ચરમસીમાએ પહોંચી સવાલાના ખેતરમાં લાકડીઓ વડે પિતા-પુત્ર પર હુમલો

(ગરવી તાકાત) મહેસાણા તા.૧૬

વિસનગર તાલુકાના સવાલા ગામની સીમમાં આવેલા ચામુંડા ફાર્મ ખાતે ખેતરમાં પાણી વાળવા જેવી સામાન્ય બાબતે શરૂ થયેલી તકરારે હિંસક વળાંક લીધો હતો. એક જ પરિવારના પાંચ સભ્યોએ ભેગા મળી પિતા–પુત્ર પર લાકડીઓ વડે હુમલો કર્યાની ઘટનાએ સમગ્ર વિસ્તારમાં ચકચાર મચાવી છે.

ફરિયાદ મુજબ, દશરથભાઈ જેમોરભાઈ રબારી (૬૦) અને તેમનો પુત્ર દીપકભાઈ ગત ૧૪ ફેબ્રુઆરીએ ખેતરમાં પાણી વાળી રહ્યા હતા ત્યારે જીવીબેન રણછોડભાઈએ આવી ગાળાગાળીના સાથે ઝઘડો શરૂ કર્યો હતો. થોડા જ સમયમાં દશરથભાઈના ભાઈ અને ભત્રીજાઓ લાકડીઓ લઈને આવી ચડ્યા હતા.

આરોપી મોતીભાઈ



રણછોડભાઈએ દશરથભાઈના માથામાં લાકડી ઝીંકી ઈજા પહોંચાડી હતી, જ્યારે મનુભાઈએ તેમના પગમાં ફટકો માર્યો હતો. પિતાને બચાવવા વચ્ચે પડેલા દીપકને પણ આરોપીઓએ લાકડીઓ વડે માર માર્યો હતો.

હૂમલાખોરોએ ‘ફરી ખેતરમાં દેખાશો તો જાનથી મારી નાખીશું’ તેવી ધમકી આપી સ્થળ પરથી પલાયન કર્યું હતું. ઈજાગ્રસ્ત પિતા–પુત્રને તાત્કાલિક વિસનગર સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા.

દશરથભાઈએ આ ઘટનાની ફરિયાદ વિસનગર તાલુકા પોલીસ મથકમાં નોંધાવતા પોલીસે રણછોડભાઈ જેમોરભાઈ રબારી, મોતીભાઈ, મનુભાઈ, કનુભાઈ અને જીવીબેન રણછોડભાઈ વિરુદ્ધ ગુનો દાખલ કરી વધુ તપાસ શરૂ કરી છે.




# લોકસભામાં ગતિરોધ કેમ તૂટી રહ્યો નથી?

લોકસભાના અધ્યક્ષ ઓમ બિરલાએ ગયા અઠવાડિયે શુક્રવારે સાંસદોને ગૃહની સુચારુ કામગીરી સુનિશ્ચિત કરવા અપીલ કરતા કહ્યું હતું કે બજેટ સત્રના ૧૯.૧૩ કલાક અત્યાર સુધી વેડફાયા છે. તેમની અપીલના થોડા સમય પછી, હોબાળો શરૂ થયો, જેના કારણે કાર્યવાહી સ્થગિત કરવાની ફરજ પડી. ત્યારથી સોમવાર સુધી, આ સંખ્યામાં ઘણા કલાકો ઉમેરાયા છે. બંને ગૃહોમાં ગતિરોધ યથાવત છે, અને હવે એવું લાગે છે કે સમાધાન કરતાં મુકાબલા માટે બહાના શોધવાના વધુ પ્રયાસો થઈ રહ્યા છે.

આ બજેટ સત્રમાં અત્યાર સુધી કોઈ યોગ્ય ચર્ચા પૂર્ણ થઈ નથી. વિપક્ષનો દાવો છે કે રાહુલ ગાંધીને લોકસભામાં બોલવાની તક આપવામાં આવી રહી નથી. સોમવારે, એવું લાગતું હતું કે વિરોધ પક્ષના નેતા અને અધ્યક્ષ મળ્યા ત્યારે કોઈ ઉકેલ મળી શકે છે. જોકે, આ મુદ્દો પાછળથી એ હકીકતમાં ફસાઈ ગયો કે રાહુલ ગાંધી બજેટ પર બોલી શકે છે, અન્ય કોઈ વિષય પર નહીં.

ગૃહના કાર્ય માટે નિયમો અને નિયમો પરંપરાઓ જેટલા જ મહત્વપૂર્ણ છે. અને લોકશાહીની પરંપરા રહી છે કે દરેકને બોલવાની તક મળવી જોઈએ. જોકે, વિપક્ષમાં એવી લાગણી વધી રહી છે કે અધ્યક્ષ તેમની સાથે સમાન વર્તન કરી રહ્યા નથી. સરકાર પાસે પોતાને વ્યક્ત કરવા માટે ઘણા પ્લેટફોર્મ અને તકો છે, પરંતુ વિપક્ષ માટે સૌથી મોટું પ્લેટફોર્મ ગૃહ છે, જ્યાં તે પ્રશ્નો પૂછી શકે છે. આ પ્રશ્નો સરકારને જવાબદાર બનાવવા અને નીતિઓને સંતુલિત કરવા માટે જરૂરી છે.

પ્રિસાઈડિંગ ઓફિસર ગૃહના રક્ષક તરીકે કાર્ય કરે છે અને નિષ્પક્ષતા જાળવવાની અપેક્ષા રાખવામાં આવે છે. વિપક્ષ તેમના પર સમાન તક આપવાનો વિશ્વાસ રાખે છે. ચિંતાજનક છે કે આ વિશ્વાસ ખરડાઈ રહ્યો છે. આનો પુરાવો કોંગ્રેસ મહિલા સાંસદો દ્વારા ઓમ બિરલાને લખાયેલો પત્ર અને સ્પીકર સામે અવિશ્વાસ પ્રસ્તાવ તૈયાર થઈ રહ્યો હોવાના સમાચાર છે. જો આવું થાય, તો ભલે વિપક્ષ પાસે સંખ્યાબંધ સંખ્યા ન હોય, તે ખૂબ જ પ્રતીકાત્મક મહત્વ ધરાવશે.

આ સત્ર અત્યાર સુધી નકારાત્મક કારણોસર સમાચારમાં રહ્યું છે - સાંસદોનું સસ્પેન્શન, સુરક્ષા કારણોસર વડા પ્રધાનનું ભાષણ આપવા માટે લોકસભામાંથી ગેરહાજરી. આ ઘટનાઓ જનતા સમક્ષ જનપ્રતિનિધિઓની સકારાત્મક છબી રજૂ કરતી નથી.


**તંત્રી : પ્રકાશ ચૌધરી**

## હોટલોમાં ચેક - ઇન હવે પેપરલેસ : આધારકાર્ડની ઝંઝટ ખત્મ થશે

# ક્યૂઆર કોડ આધારિત સુવિધા શરૂ કરવાની તૈયારી પ્રવાસીઓના ડેટાનો સંભવિત દુરુપયોગ પણ અટકાવી શકાશે

(ગરવી તાકાત) અમદાવાદ તા.૧૬

આધાર કાર્ડ આજે એક મહત્ત્વપૂર્ણ પુરાવો છે. બેંકથી લઈ બિઝનેસ સુધીના દરેક કામમાં તેની જરૂર પડે છે. આ દરમિયાન ગુજરાતની તમામ હોટલોમાં ચેક ઈન પ્રક્રિયામાં મોટો ડિજિટલ બદલાવ થવા જઈ રહ્યો છે. જેના કારણે મુસાફરોએ હવે રિસેપ્શન પર આધાર કાર્ડની ફોટોકોપી આપવાની ઝંઝટમાંથી મુક્તિ મળશે.



રાજ્ય સરકાર ટૂંક સમયમાં ઊઈ કોડ આધારિત સિસ્ટમ શરૂ કરશે, જેનાથી મુસાફરોને હોટલમાં ચેક ઈન સમયે ફોટોકોપીની જરૂર નહીં પડે. ઊઈ કોડ આધારિત સિસ્ટમ મુસાફરોને તેમના મોબાઈલ ફોન દ્વારા જ ઓળખની ચકાસણી કરવાની સુવિધા આપશે. આ ઉપરાંત ફેસિયલ રેકગ્નિશન દ્વારા ઓળખ પ્રસ્થાપિત થયા પછી ગણતરીની મિનિટોમાં રૂમ ફાળવવામાં આવશે. આ માટે કોઈ કાગળ કે ફોટોકોપીની જરૂર નહીં પડે.

અત્યાર સુધી, હોટલો સામાન્ય રીતે ઓળખના પુરાવા તરીકે આધાર કાર્ડની ફિઝિકલ કોપી માંગતી હતી. જ્યારે ફોટોકોપીની સુવિધા ઉપલબ્ધ હોય ત્યારે આ પ્રક્રિયા અગવડતાભરી હતી, ઉપરાંત આધાર કાર્ડ ધારકને વ્યક્તિગત ડેટાના દુરુપયોગની ચિંતા પણ રહેતી હતી.

નવી સિસ્ટમનો ઉદ્દેશ્ય આ બંને સમસ્યાઓ દૂર કરવાનો છે, જેથી પ્રક્રિયા ડિજિટલ પેમેન્ટ જેટલી જ સરળ બની જશે.

આ પહેલ માટે અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચને તેના પથિક સોફ્ટવેરને આધાર સિસ્ટમ સાથે જોડવાની મંજૂરી મળી છે. નોંધનીય છે કે, આવી સત્તાવાર મંજૂરી મેળવનાર તે દેશની પ્રથમ સરકારી એજન્સી બની છે. અધિકારીઓનું કહેવું છે કે આ જોડાણથી મહેમાનોની વિગતોનું પારદર્શક અને સુરક્ષિત રેકોર્ડિંગ સુનિશ્ચિત થશે, સાથે જ કાયદા અમલીકરણ એજન્સીઓ શંકાસ્પદ ગતિવિધિઓ પર ઝડપથી અને અસરકારક રીતે નજર રાખી શકશે.

સૂત્રોએ જણાવ્યું છે કે ડેટા સુરક્ષાના કડક પગલાં લાગુ કરવામાં આવશે. મહેમાનોની માહિતી ત્રીજા પક્ષ સાથે શેર કરવામાં આવશે નહીં, અને તમામ પ્રમાણીકરણ પ્રક્રિયાઓ એક્રિપ્ટેડ અને કેન્દ્રીય રીતે સુરક્ષિત હશે.

જોઈન્ટ પોલીસ કમિશનર (ક્રાઈમ બ્રાન્ચ) શરદ સિંઘલે સ્પષ્ટ કર્યું હતું કે ડિજિટલ ચેક-ઈન ફરજિયાત રહેશે નહીં. જે મહેમાનો ઓળખના દસ્તાવેજોની ફોટોકોપી આપવાનું પસંદ કરે છે તેઓ તેમ કરવાનું ચાલુ રાખી શકે છે. જોકે, તેમણે નોંધ્યું હતું કે ડિજિટલ વેરિફિકેશન ગ્રાહકોના ઓળખ દસ્તાવેજોને દુરુપયોગથી વધુ સારી રીતે સુરક્ષિત રાખશે.

સમગ્ર રાજ્યમાં લાગુ થયા બાદ, આ સિસ્ટમ મુસાફરો માટે પ્રક્રિયાઓને સરળ બનાવશે. તેમજ કાયદો અને વ્યવસ્થાની પદ્ધતિને મજબૂત બનાવશે. ગુજરાતના હોસ્પિટાલિટી સેક્ટર માટે પણ આ એક મહત્વપૂર્ણ ટેકનોલોજીકલ કદમ સાબિત થશે.

ઉલ્લેખનીય છે કે અમદાવાદમાં ૨૦૩૦માં કોમનવેલ્થ ગેમ્સ યોજાશે. જેને લઈ તંત્રએ અત્યારથી જ વિશ્વ સાથે તાલ મિલાવવા ધીમે ધીમે ડિજિટલ તરફ પગલું માંડ્યું છે.

## અકસ્માતમાં બાળકી બ્રેઈન ડેડ થઈ હતી : કેરળના મંત્રી, સાંસદો, નેતાઓ, લોકોએ શ્રધ્ધાંજલિ આપી

# કેરળમાં ૧૦ મહિનાની બાળકીને રાજકીય સન્માન સાથે અંતિમ વિદાઈ : અંગદાન કરી ૪ને નવજીવન આપ્યું

પથાનામથિટ્ટા (કેરળ) તા.૧૬

કેરળની સૌથી નાની ઉંમરની અંગ દાતા ૧૦ મહિનાની આલિન શેરીન અબ્રાહમને નંદુગદપલ્લી સેન્ટ થોમસ સીએસઆઈ ચર્ચમાં રાજકીય સન્માન સાથે અંતિમ વિદાઈ આપવામાં આવી હતી. આ સમયે ભારે ભીડ એકત્ર થઈ ગઈ હતી. સૌની આંખો ભીની હતી. બ્રેઈન ડેડ જાહેર થયેલી આ બાળકી અંગોનું દાન કરીને બીજા ચાર બાળકોને જીવતદાન આપતી ગઈ હતી.



બાળકીના લીવર, કિડની, આંખનો કોર્નિયા અને હાર્ટ વોલ્વ દાન કરાયા હતા. જેનાથી એક પરિવારનું અપાર દુઃખ બીજા માટે આશામાં બદલી ગયા હતા. ૫ ફેબ્રુઆરીએ; કોટ્ટાયમમાં પોતાના માતા-પિતા અને સંબંધીઓ સાથે કારમાં યાત્રા દરમિયાન એક યાત્રા દરમિયાન એક માર્ગ અકસ્માતમાં બાળકી ગંભીર રીતે ઘાયલ થઈ હતી. બાળકીના માતા-પિતાએ બ્રેઈડ ડેડ પુત્રીના અંગોનું દાન કરવાનો નિર્ણય લીધો હતો.

અંગદાન બાદ આલિનના મૃતદેહને ચમેલીના ફુલથી સજેલા એક નાનકડા તાબુતમાં રાખવામાં આવ્યો હતો. સમાજના વિભિન્ન વર્ગના લોકો શોક વ્યકત કરવા માટે એકત્ર થયા હતા.

મંત્રી વીના જયોર્જ અને વી.એન. વાસવન, સાંસદ સુરેશ ગોપી અને અન્ય જન પ્રતિનિધિઓ આલિનને શ્રધ્ધાંજલિ આપવા તેના ઘેર પહોંચ્યા હતા.આલીનના સબને ચર્ચમાં લઈ ગયા બાદ આલિનના દાદા સેમ્યુઅલે ભાવુક શોક સંદેશો વાંચતા કહ્યું હતું કે પરિવારને એ બાબતથી સાંત્વના મળી છે કે અન્ય ચાર બાળકોને નવું જીવન મળ્યું છે. આ તકે આલિનની કિડનીથી જે બાળકીને નવજીવન મળેલું તેના દાદા પણ પહોંચ્યા હતા અને આલિનને શ્રધ્ધાંજલિ આપી હતી.

## ગ્રહોનો રાઝ આપની આજ




**મેષઃ** આજે તમે શાંત દિવસ પસાર કરશો. આજે કાર્યક્ષેત્રમાં ધંધો કંઈ ખાસ રહેશે નહીં, છતાં આત્મસંતોષની લાગણીને કારણે મન પરેશાન નહીં થાય. આ દિવસે તમારે તમારા વડીલોના આદેશોનું પાલન કરવું પડશે.

**વૃષભઃ** આજે તમારા માટે પ્રગતિનો દિવસ છે. કાર્યસ્થળ પર અનુકૂળ વાતાવરણ રહેશે એટલે સફળ થશો, તેના પરિણામ ચોક્કસપણે નાણાકીય લાભોના રૂપમાં મળશે.

**મિથુનઃ** નોકરી કરતા લોકોને વધારે કામ મળતા થોડી અગવડતા રહી શકે છે, પરંતુ બપોર સુધીમાં મહેનતનું ફળ મળવાનું શરૂ થઈ જશે. આર્થિક દ્રષ્ટિકોણથી દિવસ સંતોષકારક રહેશે, છતાં પૈસા સંબંધિત કામોમાં સ્પષ્ટતા રાખો.

**કર્કઃ** આજનો દિવસ સાધારણ ફળદાયક રહેશે. ધંધામાં કોઈ ડીલ રદ થવાની અથવા અન્ય કોઈપણ પ્રકારનો અવરોધ ઊભો થાય તેવી સંભાવના છે. પૈસા સંબંધિત કામમાં સાવચેત રહો, નહીં તો નુકસાન થઈ શકે છે.

**સિંહઃ** આ દિવસે તમારો નિત્યક્રમ થોડો અશાંત રહી શકે છે. તમારે કોઈ ખર્ચાળ કામ કરવા પડશે, જે પારિવારિક સુખ અને શાંતિ માટે જરૂરી રહેશે, પરંતુ બજેટ બગડવાનો ભય છે.

**કન્યાઃ** આજે તમે જાહેર કાર્યોમાં મહત્વપૂર્ણ યોગદાન આપશો. તમારા પરિવારની પ્રતિષ્ઠા વધારવા બદલ તમારા પરિવારના સભ્યોને તમારા પર ગર્વ થશે. પરંતુ ઘરના કાર્યોમાં આળસ રાખતા થોડા સમય માટે વાતાવરણ બગડશે.

**તુલાઃ** આજે તમારી અંદર વધુ ચંચળતા રહેશે. જો મન કોઈ એક નિર્ણયને વળગી નહીં રહે તો લાભની તકો ખોવાઈ શકે છે. આજે તમે ઝડપથી કોઈ પર વિશ્વાસ નહીં કરો. શંકા રાખતા ઘરના સભ્યો સાથે બગાડી શકો છો.

**વૃશ્ચિકઃ** આજે સિદ્ધિનો દિવસ રહેશે. દિવસની શરૂઆતથી કોઈપણ કાર્ય પૂર્ણ કરવા ઉતાવળ રહેશે. વેપારી વર્ગને આજે થોડી વધુ મહેનત કરવી પડી શકે છે. તમે મિત્રો અને પ્રિયજનોને તમારા ઘરે આમંત્રિત કરી શકો છો અને તેમની સાથે વાત કરવા માટે સારો સમય આપી શકો છો.

**ધનઃ** આજનો દિવસ તમારા માટે વિપરિત પરિસ્થિતિવાળો હોઈ શકે છે. તમે જે પણ કાર્ય કરો છો તેની સફળતા શંકાસ્પદ રહેશે, પરંતુ તમને લાભ થતો રહેશે. પરિવારના સભ્યો તમારો મૂડ સમજી શકશે, જેના કારણે પરસ્પર સુમેળ રહેશે.

**મકરઃ** આ દિવસે તમારી પોતાની ભૂલથી નુકસાન પહોંચાડી શકો છો. તમારા નિર્ણયને વળગી નહીં રહો તો જાહેર ક્ષેત્રમાં અથવા પરિવારમાં ટીકાઓનો સામનો કરવો પડી શકે છે.

**કુંભઃ** તમારા માટે આજનો દિવસ શાંતિપૂર્ણ રહેશે. તમે કાર્યો પ્રત્યે બહુ ગંભીર નહીં રહો, તેમ છતાં તમે જે કાર્ય કરો છો તેમાં નિશ્ચિત સફળતા મળશે. કોઈને પણ આપેલા વચન સમયસર પૂરા કરવામાં અસમર્થ રહેશો.

**મીનઃ** તમારે અનેક કાર્યોનો સામનો કરવો પડશે. ખર્ચ આવક કરતા વધારે હોઈ શકે છે, પરંતુ ફક્ત જરૂરી કામોમાં ખર્ચ કરશો. નજીકના સમયમાં તમને નાણાંનો લાભ થશે.

## ૬૦ વર્ષથી વધુ ઉંમરના, રિપીટ ઉમેદવારો અને ગુનાહિત રેકોર્ડ ધરાવનારોને ટિકિટ નહીં

# ભાજપ સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં જૂની ફોરમ્યુલા પર જ રહેશે

(ગરવી તાકાત) અમદાવાદ તા.૧૬

હવે તમામ રાજકીય પક્ષોની નજર સ્થાનિક સ્વરાજ્યની આવનારી ચૂંટણી પર ટકેલી છે. ગુજરાતમાં કોંગ્રેસ અને આમ આદમી પાર્ટી પોતપોતાની રણનીતિ ઘડી રહી છે, ત્યારે ભારતીય જનતા પાર્ટીમાં પણ ટિકિટ મેળવવા ઈચ્છુક દાવેદારો અત્યારથી જ સક્રિય બન્યા છે. અનેક નેતાઓ દ્વારા ગાંધીનગર સ્થિત કમલમ ખાતે સંપર્કો અને દોડધામ શરૂ થઈ ગઈ હોવાનું જાણવા મળ્યું છે.

આ વચ્ચે ભાજપે સ્પષ્ટ કરી દીધું છે કે, સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં કોઈ નવો પ્રયોગ કરવા બદલે પાર્ટી પોતાની જૂની અને અજમાયેલી ફોરમ્યુલાને જ અમલમાં મૂકશે. ભાજપના આંતરિક સૂત્રોના જણાવ્યા મુજબ ઉમેદવારની પસંદગી માટે અગાઉ લાગુ પડતા નિયમો આ વખતે પણ યથાવત રહેશે.

આ ફોરમ્યુલા મુજબ ૬૦ વર્ષથી વધુ ઉંમરના સિનિયર નેતાઓને ચૂંટણી ટિકિટ આપવામાં નહીં આવે. સાથે જ રિપીટ થિયરી પણ અમલમાં નહીં રાખવામાં આવે, એટલે કે, જે ઉમેદવારો બે વખતથી વધુ વખત કોર્પોરેટર કે તાલુકા અથવા જિલ્લા પંચાયતના સદસ્ય તરીકે ચૂંટાયા હશે, તેમને ફરી ટિકિટ મળવાની સંભાવના



ઓછી રહેશે.

ભાજપ દ્વારા નવા ચહેરાઓને પ્રાધાન્ય આપવામાં આવશે. ઉપરાંત, કોઈપણ પ્રકારનો ગુનાહિત રેકોર્ડ ધરાવતી વ્યક્તિઓને સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં ઉમેદવારી આપવામાં નહીં આવે તેવું પણ સ્પષ્ટ કરવામાં આવ્યું છે.

આ રીતે પાર્ટી પોતાના સંગઠનના ધોરણો અને નિયમોના આધારે ઉમેદવારોની પસંદગી કરશે. પરિણામે, સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી લડવાની ઈચ્છા ધરાવતા દાવેદારો માટે ભાજપના આ માપદંડોનું પાલન કરવું ફરજિયાત બનશે.

## ફિલ્મી ગપશપ

### હરિયાણા અને રાજસ્થાનમાં સંયુક્ત ઓપરેશન

# ફિલ્મમેકર રોહિત શેટ્ટીના ઘેર ફાયરીંગ કેસમાં મુખ્ય શૂટર સહિત વધુ ૬ લોકોની ધરપકડ

### મુંબઈ પોલીસની સફળતાઃ કુલ ૧૧ આરોપીઓ પોલીસ કસ્ટડીમાં




મુંબઈ તા.૧૬

મુંબઈમાં પ્રખ્યાત ફિલ્મ દિગ્દર્શક રોહિત શેટ્ટીના ઘરની બહાર ફાયરિંગની ઘટનામાં પોલીસે મોટી સફળતા મેળવી છે. હરિયાણા અને રાજસ્થાનમાં હાથ ધરવામાં આવેલા સંયુક્ત ઓપરેશન દરમિયાન મુખ્ય શૂટર સહિત વધુ છ આરોપીઓની ધરપકડ કરવામાં આવી છે. આજ સુધીમાં, આ સનસનાટીભર્યા કેસમાં કુલ ૧૧ આરોપીઓની ધરપકડ કરવામાં આવી છે.૧ ફેબ્રુઆરીની વહેલી સવારે મુંબઈના જુહુ વિસ્તારમાં રોહિત શેટ્ટીના ઘરની બહાર અજાણ્યા હુમલાખોરોએ ગોળીબાર કર્યો હતો. આ ઘટનાથી વિસ્તારમાં ગભરાટ ફેલાયો હતો. જોકે કોઈ જાનહાનિ થઈ નથી, પરંતુ ઘટનાની ગંભીરતાને ધ્યાનમાં રાખીને મુંબઈ પોલીસે તાત્કાલિક તપાસ શરૂ કરી હતી. તાજેતરની કાર્યવાહીમાં, હરિયાણા પોલીસના જીઃ યુનિટ, બહાદુરગઢે, મુંબઈ પોલીસ સાથે સંયુક્ત ઓપરેશન હાથ ધર્યું હતું.

આ ઓપરેશન દરમિયાન હરિયાણાથી ચાર અને રાજસ્થાનથી બે આરોપીઓની ધરપકડ કરવામાં આવી હતી. પોલીસના જણાવ્યા અનુસાર ધરપકડ કરાયેલા લોકોમાં મુખ્ય શૂટરનો પણ સમાવેશ થાય છે. ધરપકડ કરાયેલા આરોપીઓની ઓળખ ઋત્વિક યાદવ (આગ્રા જિલ્લો), દીપક (સેક્ટર ૪૫, સદરપુર, નોઈડા), સની અને સોનુ (બંને આગ્રાના રહેવાસીઓ) તરીકે થઈ છે.રાજસ્થાનમાંથી ધરપકડ કરાયેલા અન્ય બે આરોપીઓની પૂછપરછ પણ ચાલુ છે. અગાઉ પોલીસે પુણે અને આસપાસના વિસ્તારોમાંથી પાંચ આરોપીઓની ધરપકડ કરી હતી. આમાં આદિત્ય ગાયકી, સિદ્ધાર્થ યેનપુરે, સમર્થ પોમાજી, સ્વપિનલ સકાટ અને આસારામ ફસાલે ઉર્ફે બાબુ (શસ્ત્રો સપ્લાયર)નો સમાવેશ થાય છે.

આ પાંચેય સામે મહારાષ્ટ્ર કંટ્રોલ ઓફ ઓર્ગેનાઈઝ્ડ ક્રાઈમ એક્ટ **(MCOCA)** હેઠળ કેસ નોંધવામાં આવ્યો છે. પોલીસ અધિકારીઓનું કહેવું છે કે આ કેસમાં સંગઠિત ગુનાના સંકેત મળ્યા બાદ **MCOCA** કલમો લાગુ કરવામાં આવી હતી, જેથી સમગ્ર નેટવર્કનો પર્દાફાશ થઈ શકે.

## સહકારી ક્ષેત્રને મજબુત બનાવવા આજે કેન્દ્રીય ગૃહ મંત્રી અમિત શાહની હાજરીમાં મંથન

# મહાત્મા મંદિર ખાતેની બેઠકમાં દેશભરના સહકારમંત્રીઓ હાજર રહેશે

અમદાવાદ,તા.૧૬

વડાપ્રધાન નરેન્દ્ર મોદીના ઙ્કસહકારથી સમૃદ્ધિ'ના સંકલ્પને સાકાર કરવા અને સહકારી ક્ષેત્રને વધુ મજબૂત, પારદર્શક તથા આધુનિક બનાવવાના ઉદ્દેશ્ય સાથે કેન્દ્રીય ગૃહ અને સહકારિતા મંત્રી અમિત શાહના અધ્યક્ષ સ્થાને તા.૧૭ ફેબ્રુઆરી, ૨૦૨૬ના રોજ મહાત્મા મંદિર, ગાંધીનગર ખાતે રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોના સહકાર મંત્રીઓની એક ઉચ્ચ સ્તરીય ઙ્કમંથન બેઠક' યોજાશે.

આ ઉચ્ચ સ્તરીય બેઠકમાં દેશના તમામ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોના સહકાર મંત્રીઓ સાથે અધિક મુખ્ય સચિવ, અગ્ર સચિવ અને સચિવ સહિતના ઉચ્ચ સનદી અધિકારીઓ પણ ઉપસ્થિત રહેશે.

સહકાર મંત્રાલયની મુખ્ય પહેલોની વ્યાપક સમીક્ષા, અત્યાર સુધી થયેલી પ્રગતિનું મૂલ્યાંકન, સહકાર ક્ષેત્રે વિવિધ રાજ્યો દ્વારા કરવામાં આવેલા શ્રેષ્ઠ પ્રયાસો અને અનુભવોના આદાન-પ્રદાન ઉપરાંત ભવિષ્ય માટે સંકલિત રોડમેપ તૈયાર કરવા માટે આ મંથન બેઠક એક સુયોગ્ય પ્લેટફોર્મ પૂરું પાડશે.

બેઠકની ચર્ચાઓમાં દેશના ગ્રામીણ અર્થતંત્રને નવી ગતિ આપવાના હેતુથી ૨ લાખ નવી મલ્ટી-પર્પઝ પ્રાઈમરી એગ્રીકલ્ચરલ ક્રેડિટ સોસાયટીઝ, ડેરી તથા મત્સ્યઉદ્યોગ સહકારી મંડળીઓની સ્થાપનાની પ્રગતિનો સમાવેશ કરવામાં આવશે.



તદુપરાંત, વિશ્વની સૌથી મોટી અનાજ સંગ્રહ યોજના હેઠળ આધુનિક ગોદામોના દેશવ્યાપી નેટવર્કને વિસ્તારવા, ખેડૂતો માટે સંગ્રહની સુધારેલી સુવિધાઓ, ભાવ સ્થિરતા અને બજારની વધુ સારી પહોંચ સુનિશ્ચિત કરવા અંગે પણ વિચાર-વિમર્શ કરવામાં આવશે.

આ બેઠક નિકાસ, જૈવિક ખેતી અને ગુણવત્તાયુક્ત બિયારણ પુરવઠાના ક્ષેત્રોમાં સહકારી સંસ્થાઓને વધુ મજબૂત કરવા માટે નવી રચાયેલી ત્રણ રાષ્ટ્રીય સ્તરની સહકારી સંસ્થાઓ - નેશનલ કોઓપરેટિવ એક્સપોર્ટ્સ લિમિટેડ **(NCEL)**, નેશનલ કોઓપરેટિવ ઓર્ગેનિક્સ લિમિટેડ **(NCOL)** અને ભારતીય બીજ સહકારી સમિતિ લિમિટેડ **(BBSSL)**માં રાજ્યોની ભૂમિકા, ભાગીદારી અને અપેક્ષાઓ પર પણ ધ્યાન કેન્દ્રિત કરશે.

વધુમાં, રાજ્યના સહકારી કાયદાઓમાં સમયબદ્ધ સુધારા, ૯૭મા બંધારણીય સુધારાને અનુરૂપ મોડેલ કાયદા અપનાવવા, સહકારી ખાંડ મિલોની આર્થિક વ્યવહારક્ષમતા વધારવા, ડેરી ક્ષેત્રમાં ટકાઉપણું અને વૃદ્ધિને પ્રોત્સાહન આપવું તેમજ અમૂલ અને ઙ્ઘઙ્ઘમ્ના સહયોગથી નવી ડેરી સહકારી મંડળીઓની રચના અંગે પણ વિસ્તૃત ચર્ચા કરવામાં આવશે.

# 'ગંગા સ્વરૂપા આર્થિક સહાય' યોજનાના લાભાર્થીઓને ઇન્ડિયા પોસ્ટ પેમેન્ટસ બેંક દ્વારા ઘરબેઠાં સહાય મળશે



અમદાવાદ, તા.૧૬

રાજ્ય સરકાર દ્વારા વિધવા મહિલાઓને આત્મનિર્ભર બનાવવા હેતુ અમલી 'ગંગા સ્વરૂપા આર્થિક સહાય યોજના' હેઠળ હવે સહાયની રકમ સીધી ઇન્ડિયા પોસ્ટ પેમેન્ટ્સ બેંક (IPPB)ના ખાતામાં જમા કરવામાં આવશે. આ નવી વ્યવસ્થાથી લાભાર્થીઓને આધાર આધારિત ડી.બી.ટી (DBT) દ્વારા નાણાં સીધા ખાતામાં જમા થશે. પોસ્ટમેન દ્વારા ઘરબેઠાં જ આ રોકડ ઉપાડવાની સુવિધા પણ પ્રાપ્ત થશે. આ સુવિધાથી ગંગા સ્વરૂપા બહેનોને આર્થિક વ્યવહારોમાં વધુ સરળતા અને સુરક્ષા પ્રાપ્ત થશે.પોસ્ટ માસ્ટર જનરલ કૃષ્ણ કુમાર યાદવે વધુ વિગતો આપતા કહ્યું કે, ઉત્તર ગુજરાતમાં આશરે ૧.૪૭ લાખથી વધુ લાભાર્થીઓ હાલ પોસ્ટ ઓફિસના ખાતાઓ દ્વારા આર્થિક સહાય મેળવી રહ્યા છે. આ તમામ લાભાર્થીઓને આધુનિક બેંકિંગ સુવિધા સાથે જોડવા માટે અમદાવાદ, ગાંધીનગર, મહેસાણા, પાટણ, સાબરકાંઠા, અરવલ્લી અને બનાસકાંઠા જિલ્લાઓમાં તા. ૧૪થી ૨૦ ફેબ્રુઆરી,૨૦૨૬ સુધી વિશેષ અભિયાન ચલાવીને નવા IPPB ખાતાઓ ખોલવામાં આવશે.

આ IPPB ખાતું શૂન્ય બેલેન્સથી ખોલી શકાશે. પોસ્ટમેન કે ગ્રામીણ ડાક સેવક વિનંતી પર ઘરે આવીને ખાતું પણ ખોલી આપશે અને નાણાં પણ ચૂકવશે. લાભાર્થીઓએ પૈસા ઉપાડવા માટે બેંક કે પોસ્ટ ઓફિસ જવાની જરૂર રહેશે નહી. જે લાભાર્થીઓ પાસે પહેલેથી IPPB ખાતું છે, તેમણે માત્ર આધાર સીડિંગ કરાવવાનું રહેશે. IPPB ખાતું પહેલેથી જ ઉપલબ્ધ પોસ્ટ ઓફીસ બચત ખાતા સાથે લીંક કરી શકાશે, જેથી પોસ્ટ ઓફીસ બચત ખાતા અને IPPB બન્નેના લાભ એક સાથે મેળવી શકાય. આ ખાતું ખોલાવવા માટે આધાર કાર્ડ, આધાર સાથે લિંક થયેલ મોબાઈલ નંબર અને જૂના બચત ખાતાની પાસબુક અનિવાર્ય છે.

## ખેડૂતોના દેવા માફ કરો : વિપક્ષના સુત્રોચ્ચાર સાથે વિધાનસભાના સત્રનો પ્રારંભ

# રાજ્યપાલ આચાર્ય દેવવ્રતે રાજ્ય સરકારની સિધ્ધિઓ અને પ્રતિબધ્ધતાઓનો ચિતાર આપ્યો

**કોંગ્રેસ આક્રમક : રાજ્યપાલના પ્રવચન દરમ્યાન ખેડૂતોના મુદા ઉઠાવ્યા : આમ આદમી પાર્ટીએ વ્યાપાર સમજૂતી રદ કરવાની સાથે પ્લે-કાર્ડ દર્શાવી ગૃહમાં આવ્યા**

**આજથી શરૂ થયેલા ૨૩ દિવસના સત્રમાં ત્રાસવાદ અને સંગઠીત ગુનાખોરીના કાનૂનમાં ફેરફાર કરાશે : ગુમાસ્તા ધારાના વટહુકમનું સ્થાન લેવા ખરડો રજૂ થશે**



ગાંધીનગર , તા.૧૬

૨૩ દિવસ લાંબા વિધાનસભાના સત્રનો તોફાની પ્રારંભ થયો છે. અને આજે ગૃહમાં રાજ્યપાલના પ્રવચન બાદ કોંગ્રેસના સભ્યોએ ખેડૂતોના દેવા માફ કરોના સુત્રોચ્ચાર કર્યા હતા. તો આમ આદમી પાર્ટીના ધારાસભ્ય ગોપાલ ઇટાલીયા અને ચેતર વસાવાએ ટ્રેડ ડીલ હટાવો, કિસાન બચાવોના પોસ્ટર સાથે ગૃહમાં પહોંચ્યા હતા.

તા.૧૮ના રોજ રજુ થનારા બજેટ પૂર્વે રાજ્યપાલ આચાર્ય દેવવ્રતએ ૨૧ મીનીટના સંબોધનમાં રાજ્યની સરકારની વિવિધ જનકલ્યાણ યોજનાઓ, કૃષિ વિકાસ તથા ઈન્ફાસ્ટ્રક્ચર વગેરેનો ઉલ્લેખ કર્યો હતો અને સરકાર આગામી એક દસકાના વિકાસમાં ઝડપથી આગળ વધી રહી હોવાનું જણાવ્યું હતું તથા તેઓએ પોતાના પ્રવચનમાં મહાત્મા ગાંધી, સરદાર વલ્લભભાઈ પટેલ અને અન્ય મહાનુભાવોને યાદ કર્યા હતા.જો કે રાજ્યપાલના સંબોધન દરમ્યાન કોંગ્રેસના ધારાસભ્યોએ ખેડૂતોના દેવા માફ કરોના સુત્રો સાથે વિરોધ નોંધાવ્યો હતો. જ્યારે ભાજપના સભ્યોએ પાટલીઓ ખખડાવીને વિરોધનો જવાબ આપવાનો પ્રયત્ન કર્યો હતો અને ગૃહમાં થોડો સમય માટે ધાંધલ-ધમાલ જેવી સ્થિતિ સર્જાઇ હતી પરંતુ રાજ્યપાલ દેવવ્રતે પોતાનું પ્રવચન ચાલુ રાખીને કોંગ્રેસના વિરોધની અવગણા કરી હતી.

જો કે બાદમાં તેઓએ ગૃહનો આભાર માનવાની સાથે કોંગ્રેસનો બે વખત આભાર માની સંસદીય પરંપરા જાળવવાનો સંદેશ પણ આપ્યો હતો. આમ વિપક્ષ આ સત્ર દરમ્યાન આક્રમક હશે તે નિશ્ચિત કર્યુ છે.

હવે ગૃહમાં આવતીકાલે અનેક મહત્વપૂર્ણ ખરડાઓ પણ રજૂ થવાના છે. જેમાં સરકાર દ્વારા ત્રાસવાદ અને સંગઠીત ગુનાખોરી વિરોધી કાનુનમાં હવે ત્રાસવાદ શબ્દો અને તે સંબંધીત જોગવાઈઓ દુર કરીને નવો ખરડો રજુ કરશે.કેન્દ્ર સરકાર દ્વારા નવા ભારત ન્યાય સંહિતામાં ત્રાસવાદ સામે પુરતી જોગવાઈ કરવામાં આવી છે અને તેથી બે કાનુનોમાં વિરોધાભાસ ન સર્જાય તેથી ગુજરાત સરકાર સુધારો કરી રહી છે.આ ઉપરાંત રાજ્યમાં અગાઉ જાહેર કરાયેલ ગુમાસ્તા ધારા અંગેના વટ હુકમનું સ્થાન લેતા કાયદો પણ પસાર કરવામાં આવશે અને તેની સાથે અન્ય અનેક મહત્વના ખરડાઓ ૨૩ દિવસના કાર્યકાળમાં રજુ થશે.

## બીજા વિશ્વ યુધ્ધમાં હિટલરના નાકે દમ લાવનાર વિન્ટેજ યુધ્ધ વિમાન ગુજરાતમાં ઉતર્યુ

# સુરત અને વડોદરામાં વિમાને ફયુલ રિફીલીંગ કર્યુ : માલિક અને પાયલોટ ટીમ સાથે આ વિમાનમાં વર્લ્ડ ટુરે નીકળ્યા



સુરત, તા.૧૪

ભારતીય એવિએશન ક્ષેત્રના ઈતિહાસમાં એક મોટી અને મહત્વપૂર્ણ ક્ષણનું ગુજરાત સાક્ષી બન્યું છે. બીજા વિશ્વયુદ્ધમાં ભાગ લેનાર એક ઐતિહાસિક પ્લેન ગુજરાત પહોંચ્યું હતું. વર્ષ ૧૯૪૨ માં બનેલું વિન્ટેજ વિમાન એટલે કે સ્પિરિટ ઓફ ડગ્લાસ પહેલા સુરત અને ત્યારબાદ વડોદરામાં લેન્ડ થયું હતું.

બીજા વિશ્વયુદ્ધમાં હિટલરના નાઝી સૈન્યના નાકે દમ લાવવામાં ડગ્લાસ ઉઈ-૩ વિમાનનો મોટો ફાળો હતો. હાલ આ શ્રેણીનું જ એક વિમાન વર્લ્ડ ટૂર પર નીકળ્યું છે. આ વિમાનના માલિક અને મુખ્ય પાયલટ બ્રેઈન ટેરેન્સ અને તેમની ટીમ વર્લ્ડ ટુર માટે અબુધાબીથી નીકળી હતી. આ દરમિયાન તેઓ ગુજરાતમાં લેન્ડ થયા હતા.

અબુધાબીથી નાગપુર જવા રવાના થયેલું વિમાન સ્પિરિટ ઓફ ડગ્લાસ શુક્રવારે ફ્યૂલ રિફિલિંગ માટે સુરતમાં લેન્ડ થયું હતું. સુરત એરપોર્ટ પર ફ્યૂલ રિફિલિંગ કર્યા બાદ વિમાન નાગપુર જવા નીકળ્યું હતું. જોકે, ટેકઓફ થયા બાદ પ્લેનમાં ટેક્નિકલ ક્ષતિ સર્જાતા તેનું વડોદરામાં શુક્રવારે ૯:૩૦ કલાકે લેન્ડિંગ કરવામાં આવ્યું હતું.વડોદરા એરપોર્ટના સત્તાધીશોના જણાવ્યા મુજબ, અબુધાબીથી સુરત થઈ નાગપુર જતા પ્લેનમાં ક્ષતિ સર્જાતા તેને વડોદરામાં લેન્ડ કરાવવામાં આવ્યું હતું. જે બાદ વિમાન સાથે જ આવેલા ટેક્નિશિયનોએ વિમાનમાં રિપેરિંગ કામ કર્યું છે.

હવે આજે શનિવારે વિમાન ટીમ સાથે નાગપુર જવા રવાના થશે, ઉલ્લેખનીય છે. અમેરિકાની ડગ્લાસ એરક્રાફ્ટના ડિઝાઈનર ડોનાલ્ડ ડગ્લાસ દ્વારા ૧૯૩૦માં પ્રથમવાર આ મોડેલનું વિમાન બનાવવામાં આવ્યું હતું.

વર્ષ ૧૯૩૫માં મુસાફરોના પરિવહન માટે વિમાન બનાવ્યું હતું. બીજા વિશ્વયુદ્ધ દરમિયાન અમેરિકાએ લશ્કરી જરૂર મુજબ મોટા દરવાજા અને શક્તિશાળી એન્જિન સાથે ઈ-૪૭ સ્કાઈટ્રેન અને ઈ-૫૩ સ્કાઈટ્રુપર નામ આપ્યું હતું. આ વિમાન ૯૪ વર્ષે પણ અડીખમ છે.

## તણાવ - બેઠાડુ જીવન અને જંકફૂડે સર્જી સમસ્યા

# ગુજરાત રાજ્યનાં શહેરોમાં હવે વ્યંધત્વની સમસ્યા ચિંતાજનક!



અમદાવાદ,તા.૧૬

ગુજરાતમાં વ્યંધત્વના કેસમાં છેલ્લા એક-બે દાયકામાં નોંધપાત્ર વધારો જોવા મળ્યો છે, ખાસ કરીને શહેરી અને પેરી-અર્બન વિસ્તારોમાં. આધુનિક જીવનશૈલી, મોડા લગ્ન, કારકિર્દીને પ્રાથમિકતા આપવી, તણાવભર્યું જીવન, સેડિમેન્ટરી લાઈફસ્ટાઈલ, જંક ફૂડનું વધુ સેવન, ધૂમ્રપાન-દારૂ, પર્યાવરણીય પ્રદૂષણ તેમજ મહિલાઓમાં PCOS જેવી હોર્મોનલ સમસ્યાઓ અને RTI/STI ઈન્ફેક્શન જેવા કારણોને લીધે વ્યંધત્વના કેસ વધ્યાં છે.

અમદાવાદ જેવા શહેરોના પેરી-અર્બન વિસ્તારના તાજેતરના અભ્યાસમાં ૭.૪% વ્યંધત્વનો દર જોવા મળ્યો છે. જ્યારે ભારતમાં સામાન્ય રીતે ૧૩થી ૧૫% યુગલો વ્યંધત્વથી પીડાય છે અને શહેરી વિસ્તારોમાં આ આંકડો વધુ છે.

નેશનલ ફેમિલી હેલ્થ સર્વે(NFHS)-૫ વર્ષ ૨૦૧૯-૨૧ અનુસાર, ભારતમાં લગ્નના ૫ વર્ષ પછી પણ વ્યંધત્વનો દર ૧૮.૭ પ્રતિ ૧૦૦૦ મહિલાઓ છે, તેની સામે ગુજરાતમાં પણ શહેરી મહિલાઓમાં ૧૦.૭% જેટલો વધુ દર જોવા મળે છે. ૨૦૨૫માં આ આંકડો ૮થી ૧૨ ટકાએ છે, જે ચિંતાજનક કહી શકાય.

શિક્ષિત અને કામ કરતી મહિલાઓમાં આ સમસ્યા વધુ પ્રચલિત છે, કારણ કે તેઓ મોડી ઉંમરે બાળકની યોજના બનાવે છે. આ વધારો માત્ર આરોગ્ય સમસ્યા જ નહીં, પરંતુ યુગલો પર માનસિક, આર્થિક અને સામાજિક દબાણ પણ વધારે છે. જો કે, તેની સામે અમદાવાદ જેવા શહેરોમાં IVF સેન્ટરોની સંખ્યા પણ બમણી થઈ છે.

## શિયાળામાં ખાસ ઠંડી પડી નહીં'ને સીધુ જ સડસડાટ ઉંચે ચડતુ તાપમાન

# હવે ગરમીનો રાઉન્ડ : તાપમાન ૩૮ ડીગ્રીને આંબી જશે



ગાંધીનગર, તા.૧૬

સૌરાષ્ટ્ર ગુજરાતમાં શિયાળાની જમાવટ પૂર્વે ઉનાળો શરૂ થઈ ગયો હોય તેમ કેટલાક દિવસોથી તાપમાન નોર્મલ કરતા ઉંચુ ચાલી જ રહ્યું છે હવે ગરમીનો રાઉન્ડ આવવાનો હોય તેમ તાપમાન ૩૮ ડીગ્રીને આંબી જશે તેવી આગાહી જાણીતા વેધર એનાલીસ્ટ અશોકભાઈ પટેલે કરી છે.

તેઓએ આજે વાતચીતમાં જણાવ્યું હતું કે, ગુજરાતમાં હાલ ન્યુનતમ તથા મહતમ તાપમાન નોર્મલ કરતા અસામાન્ય રીતે ઉંચુ જ રહે છે. બપોરનું તાપમાન પણ વધુ રહેતું હોવાથી ગરમીનો અહેસાસ થઈ રહ્યો છે. સામાન્ય રીતે હાલ નોર્મલ લઘુતમ તાપમાન ૧૫થી ૧૬ ડીગ્રી ગણાય છે તેની સરખામણીએ ૨ ટકા વધુ રહે છે.આજ રીતે નોર્મલ મહતમ તાપમાન ૩૧થી ૩૨ ડીગ્રી ગણાય છે તેની સરખામણીએ ૨થી ૫ ડીગ્રી વધુ છે. રવિવારે રાજયના મોટા શહેરોના મહતમ તાપમાન પર નજર કરવામાં આવે તો અમદાવાદમાં ૩૪ ડીગ્રી, વડોદરામાં ૩૪.૮ ડીગ્રી, ભૂજમાં ૩૪.૯ ડીગ્રી, રાજકોટમાં ૩૫.૩ ડીગ્રી, ડીસામાં ૩૫.૮ ડીગ્રી તથા અમરેલીમાં ૩૪.૭ ડીગ્રી નોંધાયુ હતું જે નોર્મલ કરતા બેથી પાંચ ડીગ્રી વધુ હતું.તેઓએ તા.૧૬થી ૨૩ ફેબ્રુઆરીના આગાહી કરતા જણાવ્યું હતું કે હાલ તાપમાન નોર્મલ કરતા ઉંચુ ચાલી રહ્યું છે મહતમ તાપમાન નોર્મલ કરતા વધુ જ રહેવાની સંભાવના છે.

તા.૧૯થી ૨૨ ફેબ્રુઆરી દરમ્યાન તેમાં વધુ ૨થી ૪ ડીગ્રીનો વધારો થઈ શકે છે અને કેટલાક સેન્ટરોમાં ૩૮ ડીગ્રીના આંકડાને પણ વટાવી શકે છે. ન્યુનતમ તાપમાન પણ એકાદ દિવસને બાદ કરતા નોર્મલ કરતા વધુ રહેવાની શકયતા છે. આ સમયગાળા દરમ્યાન ખાસ કરીને બપોર બાદ ગરમીમાં વધારો અનુભવાશે.


તેઓએ કહ્યું કે આગામીના સમયગાળા દરમ્યાન સાંજના સમયે પવનની ઝડપમાં વધારો થવાની સંભાવના છે. સૂર્યાસ્ત બાદ તેમાં રાહત થશે.

# જે આકર્ષક અને સુંદર છે,તે હંમેશાં શ્રેષ્ઠ નથી હોતું,પરંતુ જે શ્રેષ્ઠ છે તે હંમેશાં સુંદર હશે



યશપાલસિંહ ટી. વાઘેલા

દરબાર ગઢ થરા



આજે ચિંતનાત્મક લેખમાં આપણે જોઈએ તો રોટલી ચાર પ્રકારની હોય છે જેમાં પહેલી, ×સૌથી સ્વાદિષ્ટ× રોટલી માતાના ×પ્રેમ× અને ×સ્નેહ× થી ભરેલી હોય છે. તે પેટ ભરે છે, પણ મનને ક્યારેય સંતોષતી નથી

એક મિત્રએ કહ્યું,×એ વાત બિલ કુલ સાચી છે, પણ લગ્ન પછી, તમને તમારી માતાની રોટલી ભાગ્યે જ મળે છે.×

તેણે ઉમેર્યું, ×હા, એ જ વાત છે. બીજી રોટલી પત્નીની હોય છે, જે પોતાનાપણું અને ×સમર્પણ× ની ભાવનાથી ભરેલી હોય છે, જે પેટ અને મન બંનેને સંતોષ આપે છે.×તું શું કહી રહ્યો છે, મિત્ર?મેં ક્યારેય તેના વિશે વિચાર્યું નથી.

તો પછી ત્રીજી રોટલી કોની છે?× એક મિત્રએ પૂછ્યું.

×ત્રીજી રોટલી પુત્રવધૂની છે,જે ફક્ત×ફરજ×ની ભાવનાથીભરેલી છે, જે થોડો સ્વાદ ઉમેરે છે, પેટ ભરે છે અને શરીરને વૃદ્ધાશ્રમની મુશ્કેલીઓથી બચાવે છે.×એક ક્ષણ મૌન હતું.×પણ આ ચોથી રોટલી શું છે?× મૌન તોડતા, એક મિત્રએ પૂછ્યું, ×ચોથી રોટલી નોકરાણી માટે છે.× તે ન તો પેટ ભરે છેકે ન તો મનને સંતોષઆપે છે અને સ્વાદની કોઈ ગેરંટી નથી ×તો,આપણે શું કરવું જોઈએ, મિત્ર?હંમેશા તમારી માતાની પૂજા કરો તમારી પત્નીને તમારી શ્રેષ્ઠ મિત્ર બનાવીને જીવનજીવો તમારી પુત્રવધૂને તમારી પુત્રી માનો અને નાની ભૂલોને અવ ગણો.જો તમારી પુત્રવધૂ ખુશ હશે,તો તમારો પુત્ર પણ તમારી સંભાળ રાખશે.જો સંજોગો તમને ચોથી રોટલી પર લાવે છે,તો ભગવાનનો આભાર માનો કે તેણે તમને જીવંત રાખ્યા છે, હવે સ્વાદ પર ધ્યાન ન આપો, ફક્ત જીવવા માટે ખૂબ ઓછું ખાઓ જેથીહ્નતમે તમારા વૃદ્ધાવ સ્થાને આરામથી પસાર કરી શકો,અને વિચારો કે આપણે ખરેખર કેટલા ભાગ્ય શાળી છીએ..!

આત્મા પરમાત્માનો અંશ છેતેથી આત્માનું બંધન કાલ્પનિક છે. આત્માને બંધન છે જ નહીં. કેટલાક આત્મા-પરમાત્માને એક માને છે.કેટલાક આત્માને પરમાત્માનો અંશ માને છે. તેઓ અંશઅંશી ભાવમાં માને છે. ગીતામાં ભગવાને કહ્યું છે કે, જીવલોકમાં મારો જ અંશ છે, એટલે કે જીવ ઈશ્વરનો અંશ છે. આ વિશે શંકર સ્વામી કહે છે કે, જીવ ઈશ્વરના અંશ જેવો છે, પણ અંશ નથી. જીવ ઈશ્વરનો અંશ ન હોઈ શકે, કારણ કે ઈશ્વરના ટુકડા થઈ શકે નહીં, પરંતુ આત્મા અને પરમાત્મા એક જ છે. ઘડામાંનું આકાશ કે વ્યાપક આકાશ-મહાકાશ એક જ છે, પરંતુ ઘડાની ઉપાધિ છે તેથી અંશાઅંશી ભાવ ભાસે છે. તેવી રીતે જીવ અને પરમાત્મામાં ભેદ નથી. એક મણ ખાંડમાંથી એક તોલો ખાંડ લો તો તે એક મણ ખાંડ નહીં રહે.ગુલાબના ફૂલમાંથી કોઈ એક પાંખડી લઈ લો તો તેના સ્વરૂપનો ભંગ થશે, તે અખંડ ફૂલ નહીં કહેવાય. તે જ પ્રમાણે જીવ જુદો અંશ હોય તો અંશી ઈશ્વર અખંડ રહે નહીં, પણ ઈશ્વર તો નિત્ય છે,અખંડછે તેના ટુકડા થઈ શકે નહીં.આમ તત્ત્વ દષ્ટિથી જીવ ઈશ્વરનો અંશ છે એ બરાબર નથી.પણ ઉપાસનામાં અંશઅંશીનો ભેદ છે વ્યવહારમાં અંશઅંશીનો ભેદ છે બિંદુઓનો સાગર છે, પણ બિંદુ એ સાગર નથી.

રામાનુજાચાર્ય વગેરે આચાર્યો માને છે કે, આત્મા અંશ છે અને પરમાત્મા અંશી છે.બીજા આચાર્યો વળી કહે છે કે, જીવ બદ્ધ દશામાં ઈશ્વરનો અંશ છે અને મુક્ત દશામાં અંશી છે. આમ અંશઅંશીના ભેદમાં તેઓ માને છે પણ તેઓ અંશઅંશીને એક જ સમજે છે.વલ્લભાચાર્ય જી વગેરે વૈષ્ણવઆચાર્યો કહે છે કે, જીવ અંશ જેવો નહીં,પણ અંશ જ જીવ છે એમ માનો. ઈશ્વર અંશી છે. જીવ-અંશ એ ઈશ્વરસાગર જેવો છે.સિંધુમાંથી એક બિંદુ પાણી બહાર કાઢો તો સિંધુના સ્વરૂપનો ભંગ થશે નહીં. ઈશ્વર સિંધુ જેવો છે. જીવ બિંદુ જેવો છે.જીવ ઈશ્વરનો અંશ છે.

ભક્ત પહેલાં દ્વૈતનો નાશ કરે છે અને અદ્વૈતને પ્રાપ્ત કરે છે. ત્યારબાદ ઈશ્વરની સેવા કરવા ભક્ત કાલ્પનિક દ્વૈત રાખે છે.

આ બંને સિદ્ધાંતો સત્ય છે.ખંડન મંડનની ભાંજગડમાં સાધકે પડવાની જરૂર નથી.

માયાને સત્ કે અસત્ કંઈ પણ કહી શકાય નહીં.સ્વપ્રામાંથી જાગ્યા ન હોઈએ ત્યાં સુધી સ્વપ્ર સત્ય જેવું લાગે છે. સ્વપ્ર માંથી જાગ્યા એટલે સ્વપ્ર અસત્ય લાગે છે.માયામાંથી પણ ન જાગો ત્યાં સુધી તે સત્ય જેવી લાગે છે અને જાગો એટલે અસત્ય લાગે છે.જીવાત્માને બંધન થઈ શકતુંનથી તે તો મુક્ત જ છે.મનને બંધન છે. મનના બંધનથી, અજ્ઞાનથી આત્મા કલ્પે છે કે મને પણ બંધન થયું છે. આત્મા એ મનનો સાક્ષી છે,દ્દષ્ટા છે. મનમાં સ્વતંત્ર સત્તા નથી.એ આત્માની સત્તા લઈ કામ કરે છે.મનસ્વતંત્ર નથી.મન નપુંસક છે.મન વિષયો માં ફસાય છે અને સુખદુ:ખ મન ને થાય છે તે આરોપ આત્મા પોતાનામાં કરે છે.આ ઉપર તુલસીદાસજીએ વાંદરાનું દૃષ્ટાંત આપ્યું છે.વાનરોને પકડવા પારધીઓ યુક્તિ કરે છે. તેઓ ચણાવાળી હાંડલીઓ વનમાં મૂકી રાખે છે અને પોતે સંતાઈ રહે છે. ઝટઝટ ચણા લેવાના લોભે વાનર બંને હાંડલીમાં નાંખે છે અને ચણાની મૂઠીઓ ભરે છે.પછી હાથ બહાર કાઢવા જાય છે, પણ હાંડલીના સાંકડા મોંમાંથી મૂઠી નીકળી શકતી નથી એટલે વાનરોને લાગે છે કે, તેના હાથ કોઈ ભૂતે અંદરથી પકડયા છે, પણ વાસ્તવમાં તેમના હાથ કોઈ ભૂતે પકડેલા નથી.ચણા હાથમાં થી છોડી દે તો તરત હાથ બહાર નીકળે.તેવી જ રીતે સંસારહાંડલી છે.સંસારનાવિષયો એ ચણા છે અને મનએ મર્કટ છે એ મન અહંતા-મમતારૂપીમૂઠીમાં વિષયોને પકડી રાખે છે,તેથી પોતે બંધનમાં આવે છે,પણ આત્મા માને છેકે મને બંધન થયું.માયાએ સંસારરૂપી હાંડલીમાં વિષયોરૂપી ચણા ભર્યા છે. તું સમજીને આ વિષયો-ચણાને ફેંકી દે એટલે તું છુટો જ છે. કેટલાક વૃદ્ધો કહે છે કે, હવે આ છોકરીનાં લગ્ન થઈ જાય કે હું છૂટો.પણ છોકરીની છોકરી પરણી તો પણ ઘર છોડતા નથી. કહે છે કે હું તો તૈયાર છું પણ આ છોકરા ના પાડે છે. છોકરા વિચાર છે કે, ડોસો વૃંદાવન જશે તો પેન્શનના રૂપિયા ત્યાં સાધુ પાછળ વાપરી નાખશે અને ડોસો ઘરમાં રહેશે તો પેન્શનના પૈસા ઘરમાં વપરાશે.કોઈ વખત બજારમાં શાકભાજી પણ આવશે બાબા બેબીને રમાડશે. રાત્રે અમારે ફરવા જવું હશે તો ઘર સાચવશે.ખરી વાતએ છે કે ડોસાને ઘર છોડવું નથી એટલે છોકરાં જવા દેતાં નથી એમ કહે છે. બસ આજે આપણે અહીં અટકીએ અસ્તુ.

## ગુજકેટ પરીક્ષા દરમિયાન કાયદો-વ્યવસ્થા જાળવવા મહેસાણામાં પ્રતિબંધાત્મક જાહેરનામું જાહેર

# ૨૯ માર્ચે પરીક્ષા દિવસે કેન્દ્રોના ૧૦૦ મીટર વિસ્તારમાં પ્રવેશ મોબાઈલ-ઝેરોક્ષ પર પ્રતિબંધ; ઉલ્લંઘન બદલ કડક કાર્યવાહી

(ગરવી તાકાત) મહેસાણા તા.૧૬

આગામી તા. ૨૯/૦૩/૨૦૨૬ ના રોજ યોજાનારી ગુજકેટ પરીક્ષા-૨૦૨૬ દરમિયાન કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે તેમજ પરીક્ષાનું સંચાલન શાંતિપૂર્ણ અને સુમેળભર્યા વાતાવરણમાં થાય તે હેતુસર મહેસાણા જિલ્લા માં અધિક જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી દ્વારા જાહેરનામું પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે.

મહેસાણા અધિક જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી જશવંત કે. જેગોડાએ જાહેરનામા દ્વારા પરીક્ષાના દિવસે નીચે મુજબના પ્રતિબંધો અમલમાં મૂકવા આદેશ કર્યો છે. પરીક્ષા કેન્દ્રોની આજુબાજુના ૧૦૦ મીટરના વિસ્તારમાં પરીક્ષાર્થી ઉમેદવાર સિવાય કોઈપણ અનઅધિકૃત વ્યક્તિને પ્રવેશ કરવા દેવામાં આવશે નહીં.

પરીક્ષા દરમ્યાન કેન્દ્રોના ૧૦૦ મીટરના પરિઘમાં ઝેરોક્ષ સેન્ટરો બંધ રાખવા ફરજિયાત રહેશે તેમજ કોપીરાઈટ કે ડુપ્લીકેટ પ્રશ્નપત્રો કે તેના ઉત્તર ઝેરોક્ષ ન થાય તે માટે કડક પ્રતિબંધ મુકવામાં આવ્યો છે. આ સાથે પરીક્ષા સ્થળોની આસપાસ લાઉડ


(ફાઈલ તસ્વીર)

સ્પીકરના ઉપયોગ પર પણ પ્રતિબંધ ફરમાવવામાં આવ્યો છે.

વિદ્યાર્થીઓ, શિક્ષકો, સંચાલકો, વહીવટી કર્મચારીઓ, જાહેર જનતા કે ફરજ પરના કોઈપણ સરકારી કર્મચારીઓ પરીક્ષામાં ચોરી ગણાય તેવી વસ્તુઓ અથવા ઈલેક્ટ્રોનિક આઈટમ્સ જેમ કે મોબાઈલ ફોન, કેલ્ક્યુલેટર, પુસ્તકો, કાપલી કે ઝેરોક્ષ નકલો પરીક્ષા સ્થળે લઈ જઈ શકશે નહીં કે તેની મદદગારી કરી શકશે નહીં.

પરીક્ષાર્થી ઉમેદવાર તથા પરીક્ષા સંબંધિત કામગીરીમાં રોકાયેલા અધિકૃત કર્મચારીઓ સિવાય અન્ય કોઈને પણ પ્રતિબંધિત વિસ્તારમાં પ્રવેશની મંજૂરી આપવામાં આવશે નહીં.

તેમજ પરીક્ષા ખંડમાં શાંતિપૂર્વક પરીક્ષા આપતા ઉમેદવારોને ભય થાય તેવું કે ચોરીમાં સહાયરૂપ બને તેવું કોઈપણ કૃત્ય કરવું દંડનીય ગણાશે.

જાહેરનામામાં વધુમાં સ્પષ્ટ કરવામાં આવ્યું છે કે આ હુકમનો ભંગ કરનાર અથવા તેમાં મદદરૂપ બનનાર વ્યક્તિ સામે ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ ની કલમ-૨૨૩ હેઠળ શિક્ષાત્મક કાર્યવાહી કરવામાં આવશે. આ હુકમના અમલ માટે મહેસાણા જિલ્લામાં ફરજ બજાવતા પોલીસ સબ ઈન્સ્પેક્ટર કે તેનાથી ઉચ્ચ અધિકારીઓને ગુનો નોંધવાની સત્તા આપવામાં આવી છે.

## સંક્ષિપ્ત સમાચાર

### પ્રગતિપાર્ક કો.ઓપ. હાઉસીંગ સોસાયટી લી. વિજાપુરને ફડચામાં લઈ જવા અંગે જાહેર નોટીસ

(ગરવી તાકાત) મહેસાણા તા.૧૬

જિલ્લા રજિસ્ટ્રારશ્રી, સહકારી મંડળીઓ મહેસાણાના આદેશ મુજબ પ્રગતિપાર્ક કો.ઓપ. હાઉસીંગ સોસાયટી લી., મુ. તા. વિજાપુર, જિ. મહેસાણાને ફડચામાં લેવામાં આવેલ છે.

જેના ફડચા અધિકારી તરીકે સહકારી અધિકારી (ફડચો )ની નિમણૂક થતાં તેઓએ તા. ૨૦/૦૧/૨૦૨૬ ના રોજ સંસ્થાનો ફડચા કાર્યવાહી કરવા ચાર્જ સંભાળી લીધેલ છે, આથી સંસ્થાના તમામ લાગતા-વળગતા શખ્સો તથા હિત સંબંધીઓને જાહેર નોટીસ દ્વારા જણાવાયું છે કે, જે શખ્સો તથા હિત સંબંધીઓનું આ સંસ્થા પાસે જે કોઈ દેવું કે લેણું હોય તેઓએ તે અંગેના આધાર/પુરાવા સહિત દિન-૩૦ માં પ્રગતિપાર્ક કો.ઓપ.હાઉસીંગ સોસાયટી લી.મુ.તા.વિજાપુર જિ.મહેસાણાએ નોંધ કરાવવાની રહેશે.

તેમજ આ સંસ્થા સબંધી અન્ય કોઈપણ બાબત હોય તો તે પણ નોંધ કરાવવાની રહેશે. તેમ કરવામાં નિયત સમય મર્યાદામાં ચુકશે તો પાછળથી તેમનું દેવુ, લેણું કે અન્ય બાબત અંગે ન નોંધતા મંડળીના પ્રાપ્ત ચોપડા પ્રમાણે મંડળીને આટોપી લેવાની કાર્યવાહી કરવામાં આવશે. તે અંગે નોંધ લેવા ફડચા અધિકારી અને સહકારી અધિકારીની અખબારી યાદીમાં જણાવ્યું છે.

## સાબરકાંઠા જિલ્લાને મળી આધુનિક રેલ સુવિધાની ભેટ

# હિંમતનગર રેલ્વે સ્ટેશન ખાતે ઉદયપુર-અસારવા વંદે ભારત એક્સપ્રેસને લીલી ઝંડી આપી પ્રસ્થાન કરાવ્યું

(ગરવી તાકાત) ઈડર તા.૧૬

સાબરકાંઠા જિલ્લામાં હિંમતનગર રેલ્વે સ્ટેશન ખાતે સાંસદ શ્રી શોભનાબેન બારૈયાના હસ્તે ઉદયપુર-અસારવા વંદે ભારત એક્સપ્રેસ ટ્રેનને લીલી ઝંડી આપી પ્રસ્થાન કરાવવામાં આવ્યું હતું.

સાબરકાંઠા જિલ્લાના મુસાફરો માટે આજે ઐતિહાસિક દિવસ રહ્યો છે. રેલ્વે મંત્રાલય દ્વારા લેવામાં આવેલા મહત્વના નિર્ણય મુજબ, ઉદયપુર – અસારવા (અમદાવાદ) વંદે ભારત એક્સપ્રેસને હવે હિંમતનગર સ્ટેશન પર સ્ટોપેજ આપવામાં આવ્યું છે. આ સ્ટોપેજથી સાબરકાંઠા જિલ્લાના હિંમતનગર અને આસપાસના વિસ્તારના લોકો હવે માત્ર ગણતરીના કલાકોમાં અમદાવાદ અથવા ઉદયપુર પહોંચી શકશે. અમદાવાદ અને રાજસ્થાન સાથે સીધી અને ઝડપી કનેક્ટિવિટી



મળતા સ્થાનિક વેપાર, શિક્ષણ અને પ્રવાસન ક્ષેત્રને મોટો ફાયદો થશે. ×આ સ્ટોપેજ માત્ર એક ટ્રેન ઊભી રાખવાનો નિર્ણય નથી, પરંતુ હિંમતનગરના વિકાસ માટેનો એક નવો માઈલસ્ટોન છે. વિદ્યાર્થીઓ, વેપારીઓ અને દર્દીઓ માટે અમદાવાદ જવું હવે વધુ સુલભ અને આરામદાયક બનશે.×

આ અવસરે રાજયસભા સાંસદ શ્રીમતી રમીલાબેન બારા, રાજયસભા સાંસદ શ્રી મયંકભાઈ નાયક, જિલ્લા કલેકટર શ્રી લલિત નારાયણ સિંઘ સાંદુ, મુખ્ય પોલીસવડા ડૉ.પાર્થરાજસિંહ ગોહિલ, રેલવે વિભાગના અધિકારીશ્રી, વિવિધ પદાધિકારીશ્રીઓ અને નગરજનો ઉપસ્થિત રહ્યા હતા.

## બનાસકાંઠામાં ડુપ્લીકેટ તમાકુના ગોડાઉન પર પોલીસની રેડ


# એક આરોપીની ધરપકડ, બાગબાન બ્રાન્ડના નામે નકલી તમાકુ વેચાતી હતી; ૪૫,૮૬૭નો મુદ્દામાલ જપ્ત

(ગરવી તાકાત) પાલનપુર તા.૧૬

બનાસકાંઠા એલ.સી.બી.એ છાપી પોલીસ સ્ટેશન વિસ્તારમાંથી ડુપ્લીકેટ તમાકુ બનાવતી અને વેચતી એક કંપનીના ગોડાઉન પર દરોડો પાડ્યો છે. આ કાર્યવાહીમાં બાગબાન બ્રાન્ડના નામે નકલી તમાકુનો મોટો જથ્થો ઝડપી પાડવામાં આવ્યો હતો.

પોલીસે રજોસણાના અબ્દુલસમદ ઈસ્માઈલ બસન નામના એક ઈસમને ઝડપી પાડ્યો હતો. ગોડાઉનમાંથી બાગબાન કંપનીના ડુપ્લીકેટ ડબ્બા અને પાઉચ મળી કુલ ૧૮૪૭ નંગ મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો હતો, જેની કિંમત આશરે ?૪૫,૮૬૭/- છે.

જિલ્લા પોલીસ અધિક્ષક પ્રશાંત સુંબેની સૂચના અને એલ.સી.બી. પોલીસ ઈન્સ્પેક્ટર એ.વી. દેસાઈના માર્ગદર્શન હેઠળ આ કાર્યવાહી કરવામાં આવી હતી. એલ.સી.બી.



સ્ટાફ પેટ્રોલીંગ દરમિયાન મળેલી બાતમીના આધારે છાપીથી રજોસણા જતા રોડ પર આવેલા રિયલ એસ્ટેટ કોમ્પ્લેક્સના ગોડાઉન નંબર ૪૧ પર દરોડો પાડ્યો હતો.

આ કેસમાં ડુપ્લીકેટ તમાકુનું ઉત્પાદન કરનાર ઝડપાયેલા આરોપી તેમજ અન્ય એક ઈસમ એમ કુલ બે ઈસમો વિરુદ્ધ છાપી પોલીસ સ્ટેશનમાં કોપીરાઈટ એક્ટ હેઠળ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

## કસ્તુરબા ગાંધી રાષ્ટ્રીય સ્મારક ટ્રસ્ટ, કોબા ખાતે

### વિશ્વ માતૃભાષા દિવસ નિમિત્તે 'માતૃભાષા મહોત્સવ–૨૦૨૬'નું કરાયેલ આયોજન



(ગરવી તાકાત) અમદાવાદ તા.૧૬

વિશ્વ માતૃભાષા દિવસની ઉજવણીના ભાગરૂપે ગુજરાત સાહિત્ય અકાદમી, ગાંધીનગર તથા નટ શિલ્પના સંયુક્ત ઉપક્રમે ''માતૃભાષા સંવાદ''

મળી મને માતૃ ભાષા ગુજરાતી 'અંતર્ગત માતૃભાષા મહોત્સવ–૨૦૨૬' નું આયોજન કરવામાં આવ્યું હતું. આ મહોત્સવનો મુખ્ય ઉદ્દેશ માતૃભાષા પ્રત્યે જાગૃતિ લાવવાનો અને ગુજરાતી ભાષાના મહિમાને ઉજાગર કરવાનો હતો.

આ કાર્યક્રમ ફેબ્રુઆરી ૧૫, ૨૦૨૬ ના રોજ કસ્તુરબા ગાંધી રાષ્ટ્રીય સ્મારક ટ્રસ્ટ, કોબા, ગાંધીનગર ખાતે યોજવામાં આવ્યો હતો.

ગુજરાત સાહિત્ય અકાદમીના અધ્યક્ષ ડૉ. ભાગ્યેશ જહાની પ્રેરણાથી યોજાયેલા આ કાર્યક્રમમાં મુખ્ય વક્તા તરીકે ડૉ. દર્શનબહેન પટેલ, શ્રી દિલીપસિંહ ચૌહાણ તથા શ્રી સલિલભાઈ મહેતા દ્વારા માતૃભાષાની મહત્તા અંગે પોતાના વિચારો / વક્તવ્યો રજૂ કર્યા હતા.

આ પ્રસંગે ગુજરાત સાહિત્ય અકાદમીના અધ્યક્ષ શ્રી ભાગ્યેશ જહાનો વીડિયો સંદેશ પણ પ્રસ્તુત કરાયો હતો

મહોત્સવમાં અતિથિ સુશ્રી પૂર્વીબેન ટ્રસ્ટીશ્રી તરીકે શ્રી મુખ્ય અતિથિ વિશેષ શ્રી સલીલભાઈ મહેતા (આચાર્ય) ઉપસ્થિત રહ્યા હતા.સમગ્ર કાર્યક્રમનું સંચાલન ડૉ. ફાલ્ગુની પ્રજાપતિ દ્વારા કરવામા આવ્યું હતું.

આ પ્રસંગે કસ્તુરબા ગાંધી વિદ્યાલયના વિદ્યાર્થી, ભાષાપ્રેમીઓ, સાહિત્યરસિકો, શિક્ષકો, વિદ્યાર્થીઓ તથા નાગરિકોએ મોટી સંખ્યામાં હાજરી આપી માતૃભાષા અને ખાસ કરીને ગુજરાતી ભાષાના ગૌરવ પ્રત્યે તેમની કટિબદ્ધતા વ્યક્ત કરી હતી.

# પાલનપુરથી ગુજરાત બાર કાઉન્સિલ ચૂંટણીમાં ઉમેદવારી:૬ માર્ચે યોજાનારી ચૂંટણી માટે પાલનપુરના પ્રતિનિધિઓ મેદાનમાં

(ગરવી તાકાત) પાલનપુર તા.૧૬

ગુજરાત બાર કાઉન્સિલની આગામી ચૂંટણી માટે બનાસકાંઠા જિલ્લાના પાલનપુર બારના ત્રણ પ્રતિનિધિઓએ ઉમેદવારી નોંધાવી છે. આ ચૂંટણી ૬ માર્ચના રોજ યોજાવાની છે.

રાજ્યભરમાં ગુજરાત બાર કાઉન્સિલની ચૂંટણીને લઈને રાજકીય ગરમાવો જોવા મળી રહ્યો છે. પાલનપુરના આ ઉમેદવારોએ પાલનપુર સહિત સમગ્ર ઉત્તર ગુજરાતના વકીલોના પ્રશ્નો અને હિતોને પ્રાથમિકતા આપવાના ઉદ્દેશ્ય સાથે ઉમેદવારી કરી છે.

પાલનપુર બાર એસોસિએશનમાંથી કુલ ત્રણ વકીલોએ આ પ્રતિષ્ઠિત ચૂંટણીમાં પોતાનું નસીબ અજમાવવા માટે ઉમેદવારી પત્રો ભર્યા છે. ઉમેદવાર એમ આર ચૌધરીએ જણાવ્યું હતું કે ગુજરાત બાર કાઉન્સિલની ચૂંટણી ૨૦૨૬ની યોજાવા જઈ રહી છે, એની અંદર મેં એમ.આર. ચૌધરી એડવોકેટ તરીકે ઉમેદવારી કરેલી છે. અને આ વખતે જે બેલેટ પેપર છે એમાં સિરિયલ નંબર ૧૪ ઉપર મારું નામ છે. અને હું તમામ વકીલ મિત્રો, ગુજરાતના તમામ વકીલ મિત્રોને જાહેર અપીલ કરું છું કે સિરિયલ નંબર ૧૪ ઉપર એક નંબરનો પ્રેફરન્સ વોટ આપી અને મને વિજયી બનાવે, અને હું એમનો સદા ઋણી રહીશ. અને ભવિષ્યમાં વકીલ મિત્રોના જે કંઈ કામકાજ હશે એના માટે હું તત્પર રહીશ અને એમના ઉદ્ધાર થાય એ



માટેના પ્રયત્નો સતત કરતો રહીશ.×

જોકે વકીલ મનોજ ઉપાધ્યાય એ જણાવ્યું હતું કે કાઉન્સિલની ચૂંટણી છે અને અમારા પાલનપુર બારનું ગૌરવ આદરણીય એમ.આર. ચૌધરી ગુજરાત બાર કાઉન્સિલની ચૂંટણીમાં ઊભા રહ્યા છે. તમામ વકીલ મિત્રોને ખૂબ આ બાબતે આનંદ પણ છે અને સાથે-સાથે એક એવું નેતૃત્વ અમને મળે કે જેનાથી મજબૂત રીતે અમારા જે પ્રશ્નો છે, સરકાર સમક્ષથી માંડીને હાઈકોર્ટથી માંડીને ઘણા બધા પ્રશ્નો છે. પાલનપુર કોર્ટને ખસેડવાનો પણ એક પ્રશ્ન ચાલી રહ્યો છે. એટલે આવા બધા પ્રશ્નો માટે અમે ઈચ્છીએ છીએ કે એવું મજબૂત નેતૃત્વ અમારા અહીંથી બારમાં જાય અને અમારી જે વકીલોની વાત છે એ બાર સમક્ષ મૂકે. સાથે સાથે ઘણા બધા રાજ્યોમાં જુનિયર વકીલોને પણ સ્ટાઈપેન્ડ મળે છે, અમારા બારના જે વેલફેરના પૈસા હોય છે. તો આ બધા કામ માટે સારું નેતૃત્વ મળશે, એટલે એ માટે બધા વકીલો ભેગા થયા છે.

## હિંમતનગર કિન્નર સમાજે ક્ષત્રિય સમાજને ૮૦,૦૦૦નું દાન આપ્યું

# સમાજવાડી અને શૈક્ષણિક સંકુલના નિર્માણ માટે બે માસીબાએ યોગદાન આપ્યું



(ગરવી તાકાત) હિંમતનગર તા.૧૬

સાબરકાંઠા જિલ્લા ક્ષત્રિય સમાજ દ્વારા નિર્માણ પામી રહેલી સમાજવાડી અને શૈક્ષણિક સંકુલ માટે હિંમતનગરના કિન્નર સમાજે ૮૦,૦૦૦નું દાન આપ્યું છે. કિન્નર સમાજના ચેતનાબા અને સોનલબા માસીએ આ યોગદાન આપી ઉદાહરણ પૂરું પાડ્યું છે.

ક્ષત્રિય સમાજ દ્વારા ૨ વિઘા જમીન પર ભવ્ય સમાજવાડી અને શૈક્ષણિક સંકુલનું નિર્માણ કરવામાં આવી રહ્યું છે.

આ ભવનના નિર્માણનો અંદાજિત ખર્ચ ?૨ થી ?૫ કરોડ છે.

આ સંકુલ સમાજના સર્વાંગી વિકાસ માટે મહત્વપૂર્ણ સાબિત થશે. આ નિર્માણ કાર્યમાં સમાજ અને સમાજ બહારના અગ્રણીઓ પણ દાન આપી રહ્યા છે. ક્ષત્રિય સમાજે કિન્નર સમાજના આ સહયોગ બદલ આભાર વ્યક્ત કર્યો હતો.

### સાબરકાંઠામાં ધો-૧૨ વિજ્ઞાન પ્રવાહની પ્રેક્ટિકલ પરીક્ષા પૂર્ણ:૫ કેન્દ્રો પર ૫૦૯ વિદ્યાર્થીઓ હાજર રહ્યા

સાબરકાંઠા જિલ્લામાં ધોરણ ૧૨ વિજ્ઞાન પ્રવાહની પ્રાયોગિક પરીક્ષા સોમવારે પૂર્ણ થઈ હતી. જિલ્લાના ૫ કેન્દ્રો પર યોજાયેલી પરીક્ષામાં કુલ ૫૨૦ વિદ્યાર્થીઓમાંથી ૫૦૯ વિદ્યાર્થીઓ હાજર રહ્યા હતા, જ્યારે ૧૧ વિદ્યાર્થીઓ ગેરહાજર નોંધાયા હતા.શિક્ષણ વિભાગ દ્વારા રસાયણ વિજ્ઞાન, ભૌતિક વિજ્ઞાન અને જીવ વિજ્ઞાન વિષયની આ પ્રાયોગિક પરીક્ષા ૫ થી ૧૬ ફેબ્રુઆરી દરમિયાન યોજાઈ હતી. સાબરકાંઠા જિલ્લાના હિંમતનગર, ઈડર, તલોદ, ખેડબ્રહ્મા અને વડાલી તાલુકામાં કુલ ૧૧ કેન્દ્રો પર પરીક્ષાનો પ્રારંભ થયો હતો.સોમવારે, પરીક્ષાના દસમા અને અંતિમ દિવસે, બે સેશનમાં પરીક્ષા લેવાઈ હતી. રસાયણ વિજ્ઞાનમાં ૨૦૦માંથી ૧૯૩ વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી હતી, જ્યારે ૭ ગેરહાજર રહ્યા હતા. ભૌતિક વિજ્ઞાનમાં ૨૦૦માંથી ૨૦૦ વિદ્યાર્થીઓ હાજર રહ્યા હતા. જીવ વિજ્ઞાનમાં ૧૨૦માંથી ૧૧૬ વિદ્યાર્થીઓ હાજર રહ્યા હતા, જ્યારે ૪ ગેરહાજર નોંધાયા હતા.

# હિંમતનગર શહેરના યુવાનની લાશ પ્રાંતિજના પિલુદ્રા કેનાલમાંથી મળી

(ગરવી તાકાત) હિંમતનગર તા.૧૬

પ્રાંતિજના પિલુદ્રાની કેનાલમાંથી હિંમતનગરના યુવકની લાશ મળતાં ચકચાર મચી જવા પામી હતી. પોલીસે ઘટનાસ્થળે પહોંચી કાર્યવાહી કરી હતી. પિલુદ્રા ગામની સીમમાંથી પસાર થતી હાથમતી કેનાલમાં રવિવારે યુવાનની લાશ જોવા મળતાં લોકો એકઠા થયા હતા.

ઘટનાની પ્રાંતિજ પાલિકાની ફાયરની ટીમને જાણ કરતાં મુકેશ પરમાર ટીમ સાથે આવી કેનાલમાંથી લાશ બહાર કાઢી હતી. પ્રાંતિજ પોલીસે કાર્યવાહી કરી હતી. પોલીસ તપાસમાં લાશ રાજેશકુમાર બિપીનચંદ્ર વણઝારા (૩૮) રાજવાટિકા સોસાયટી કોલેજ રોડ હિંમતનગરની હોવાનું બહાર આવ્યું હતું. યુવાન શનિવારે ઘેરથી નીકળ્યો હતો અને રવિવારે કેનાલમાંથી લાશ મળી હતી.

# બેરણામાં સવા મણ રૂની દીવેટ પ્રગટાવાઇ

હિંમતનગરના બેરણામાં ઐતિહાસિક કંટાળેશ્વર મહાદેવ મંદિર ખાતે મહાશિવરાત્રીના પર્વે વિશ્વ શાંતિ અને લોક કલ્યાણના અર્થે મંદિર પરિસરમાં બિરાજમાન ભગવાન શિવની ૫૧ ફૂટ ઊંચી સહસ્ત્રલિંગ પ્રતિમા સમક્ષ સવા મણ (૨૫ કિલો) રૂની વિશાળ દીવેટ પ્રગટાવાઈ હતી.

દર વર્ષની પરંપરા મુજબ, યજમાન દ્વારા શાસ્ત્રોક્ત મંત્રોચ્ચાર સાથે પૂજન-અર્ચન કર્યા બાદ આ મહાકાય દીવેટને પ્રગટાવાઈ હતી. દીવેટ પ્રગટતાની સાથે જ સમગ્ર મંદિર પરિસર હર હર મહાદેવના નાદથી ગુંજી ઉઠ્યું હતું અને વાતાવરણ અત્યંત ભક્તિમય બની ગયું હતું.


આ ધાર્મિક ઉત્સવમાં ખેડબ્રહ્માના પૂર્વ ધારાસભ્ય અશ્વિન કોટવાલ સહિત મોટી સંખ્યામાં રાજકીય અને સામાજિક અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા. વહેલી સવારથી જ શ્રદ્ધાળુઓનો અવિરત પ્રવાહ મંદિર ખાતે ઉમટી પડ્યો હતો. ભક્તોએ ભગવાન શિવના દર્શન કરી, જળાભિષેક અને આરતીનો લાભ લીધો હતો તથા સુખ-શાંતિ અને સમૃદ્ધિ માટે પ્રાર્થના કરી હતી.

# કૃષિ વિજય નર્મદા પિયત સિંચાઇ સહકારી મંડળી લી.વેકરાને ફડચામાં લઈ જવા અંગે જાહેર નોટીસ

(ગરવી તાકાત) મહેસાણા તા.૧૬

જિલ્લા રજિસ્ટ્રારશ્રી, સહકારી મંડળીઓ મહેસાણાના આદેશ મુજબ કૃષિ વિજય નર્મદા પિયત સિંચાઈ સહકારી મંડળી લી.મુ.વેકરા તા.કડી જિ. મહેસાણાને ફડચામાં લેવામાં આવેલ છે.

જેના ફડચા અધિકારી તરીકે




સહકારી અધિકારી (ફડચો )ની નિમણૂક થતાં તેઓએ તા. ૩૦/૦૧/૨૦૨૬ ના રોજ સંસ્થાનો ફડચા કાર્યવાહી કરવા ચાર્જ સંભાળી લીધેલ છે. આથી સંસ્થાના તમામ લાગતા-વળગતા શખ્સો તથા હિત સંબંધીઓને જાહેર નોટીસ દ્વારા જણાવાયું છે કે, જે શખ્સો તથા હિત સંબંધીઓનું આ સંસ્થા પાસે જે કોઈ દેવું કે લેણું હોય તેઓએ તે અંગેના આધાર/પુરાવા સહિત દિન-૩૦ માં કૃષિ વિજય નર્મદા પિયત સિંચાઈ સહકારી મંડળી લી.મુ.વેકરા તા.કડી જિ. મહેસાણા નોંધ કરાવવાની રહેશે. તેમજ આ સંસ્થા સબંધી અન્ય કોઈપણ બાબત હોય તો તે પણ નોંધ કરાવવાની રહેશે. તેમ કરવામાં નિયત સમય મર્યાદામાં ચુકશે તો પાછળથી તેમનું દેવુ,લેણું કે અન્ય બાબત અંગે ન નોંધતા મંડળીના પ્રાપ્ત ચૌપડા પ્રમાણે મંડળીને આટોપી લેવાની કાર્યવાહી કરવામાં આવશે. તે અંગે નોંધ લેવા ફડચા અધિકારી અને સહકારી અધિકારીની અખબારી યાદીમાં જણાવ્યું છે.

Volume : 11 Issue : 301 Owner, Publishers, Printer & Editor : Prakashbhai R. Chaudhary, At: 5, Sarsavati Society, Nagalpur Highway Road, Mehsana- (N.G) 384002
Place Of Publication : 9, Ambica Complex, S.T. Work Shop Road Near Bhamriya Nala, District Mehsana • Printed at : GARVI TAKAT OFFSET-5, Ambika Complex, T.B. Road, Mehsana- 384002